


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
Volume : 18
Issue : 125
Dt.: 14-01-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### કેન્દ્રએ તાબડતોબ ટીમ મોકલી

# પશ્ચિમ બંગાળમાં નિપાહ વાઈરસના બે શંકાસ્પદ કેસના કારણે હડકંપ મચી

## આ બંને નર્સ ડિસેમ્બર મહિનામાં મિદનાપુર અને બર્ધમાન સ્થિત પોતાના ઘરે ગયા હતા, જ્યાં તેઓ બીમાર પડ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)પશ્ચિમ બંગાળ

પશ્ચિમ બંગાળના પરગણા જિલ્લાના બારાસાતમાં નિપાહ વાયરસના બે શંકાસ્પદ કેસ સામે આવતા સમગ્ર વિસ્તારમાં ફફડાટ ફેલાયો છે. આ બંને દર્દીઓ બારાસાતની એક ખાનગી હોસ્પિટલમાં મેલ અને ફીમેલ નર્સ તરીકે ફરજ બજાવે છે. હાલ તેમની હાલત અત્યંત ગંભીર હોવાનું જણાવાયું છે અને તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે.

અહેવાલ મુજબ, આ બંને નર્સ ડિસેમ્બર મહિનામાં મિદનાપુર અને બર્ધમાન સ્થિત પોતાના ઘરે ગયા હતા, જ્યાં તેઓ બીમાર પડ્યા હતા.

બંગાળના મુખ્ય સચિવ નંદિની ચક્રવર્તીએ આ મામલે પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, બંને શંકાસ્પદ દર્દીઓ એક જ હોસ્પિટલમાં કામ કરે છે અને હાલ ત્યાં જ સારવાર હેઠળ છે. વાયરસના ફેલાવાને રોકવા માટે તંત્ર દ્વારા તાત્કાલિક 'કોન્ટેક્ટ ટ્રેસિંગ' શરૂ કરી દેવામાં આવ્યું છે. આ બંને વ્યક્તિઓના સેમ્પલ પુષ્ટિ માટે પુણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી(NIV) ખાતે મોકલવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારને પણ આ અંગે જાણ કરવામાં આવી છે અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓએ અસરગ્રસ્ત જિલ્લાઓના મેડિકલ ઓફિસરો સાથે તાકીદની બેઠકો યોજી છે.

નિપાહ વાયરસ મુખ્યત્વે ચામાચીડિયા દ્વારા ફેલાય છે. જોકે, ચામાચીડિયામાંથી તે ડુક્કર, પશુઓ કે મનુષ્યોમાં કેવી રીતે પ્રવેશે છે તે અંગે વૈજ્ઞાનિકો પાસે હજુ કોઈ ચોક્કસ તારણ નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે સંક્રમિત ચામાચીડિયાની લાળ કે પેશાબના સંપર્કમાં આવવાથી ચેપ લાગી શકે છે. નિપાહ વાયરસમાં મૃત્યુદર ૭૦% જેટલો ઊંચો હોવાથી તે અત્યંત જોખમી માનવામાં આવે છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડાએ આ સ્થિતિ અંગે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે ફોન પર વાત કરી હતી અને કેન્દ્ર તરફથી તમામ ટેકનિકલ અને લોજિસ્ટિક મદદની ખાતરી આપી છે.

કેન્દ્ર દ્વારા એક 'નેશનલ જોઈન્ટ આઉટબ્રેક રિસ્પોન્સ ટીમ' તૈનાત કરવામાં આવી છે અને વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા માટે જરૂરી પ્રોટોકોલ જાહેર કરવામાં આવ્યા છે.




હાલમાં જે લોકો આ બંને નર્સના સંપર્કમાં આવ્યા હતા, તેમને શોધીને હોમ આઈસોલેશનમાં રહેવાની સૂચના આપવામાં આવી છે.

# અમેરિકાએ ૧૦૦૦૦૦ વિઝા કર્યા રદ, ૮,૦૦૦ વિદ્યાર્થીઓને ઝટકોઃ ઈમિગ્રેશન નીતિ હેઠળ રદ કરાયા વિઝા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકામાં ટ્રમ્પ વહીવટીતંત્રે ૨૦૨૫ માં વિઝાને લઈને ભારત સહિત વિશ્વના ઘણા દેશોને મોટો ફટકો આપ્યો છે. અમેરિકન સરકારે ૨૦૨૫માં ૧૦૦૦૦૦ થી વધુ વિઝા રદ કર્યા હતા, જેમાં ૮,૦૦૦ વિદ્યાર્થી વિઝાનો સમાવેશ થાય છે. ૨૦૨૪ ની તુલનામાં અમેરિકન સરકારે ૨૦૨૫ માં ૪૦,૦૦૦થી બમણા વિઝા રદ કર્યા છે, જ્યારે અમેરિકન સરકારે ઈમિગ્રેશન નીતિની તપાસ બાદ આ નિર્ણય લીધો હતો, ત્યારે આ નિર્ણયની સૌથી વધુ અસર ભારતીયો પર પડી છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પના નિર્દેશ મુજબ ઈમિગ્રેશન નીતિ હેઠળ જાહેર કરાયેલા વિઝાનું ઓડિટ કરવામાં આવ્યું હતું અને ૧૦૦૦૦૦ થી વધુ વિઝામાં અનિયમિતતા જોવા મળી હતી, જે રદ કરવામાં આવ્યા છે. આમાં ૮,૦૦૦ સ્ટુન્ડન્ટ વિઝા અને યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્થળાંતર કરીને ગુનાહિત પ્રવૃત્તિમાં રોકાયેલા વ્યક્તિઓ માટે જાહેર કરાયેલા ૨,૫૦૦ ખાસ વિઝાનો સમાવેશ થાય છે. અમેરિકા ફર્સ્ટ નીતિ હેઠળ અમેરિકાને સુરક્ષિત રાખવા માટે વિદેશી ગુનેગારોને દેશનિકાલ કરવામાં આવ્યા છે અને દેશનિકાલ ચાલુ રહેશે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના ચીફ સ્પીકર ટોમી પિગોટે જણાવ્યું હતું કે યુએસએ એવા વિદેશી નાગરિકોના વિઝા રદ કર્યા છે જેમના પર કોઈપણ પ્રકારના ગુનાનો આરોપ છે અથવા દોષિત ઠેરવવામાં આવ્યા છે. આમાં હુમલો, ચોરી અને નશામાં વાહન ચલાવવાનો સમાવેશ થાય છે. રદ કરાયેલા વિઝા એવા ઉદ્યોગપતિઓ અને પ્રવાસીઓના હતા જેઓ તેમના વિઝા સમાપ્ત થયા પછી પણ દેશમાં રહ્યા હતા. કામદારોના સંદર્ભમાં એવા વિદેશી કામદારોના વિઝા રદ કરવામાં આવ્યા છે જેઓ નશામાં વાહન ચલાવતા પકડાયા હતા, હુમલો, ચોરી, બાળ શોષણ, ડ્રગ્સ હેરાફેરી અને છેતરપિંડીમાં સંડોવાયેલા હતા. ડ્રગ્સ હેરાફેરી અથવા ઉપયોગ માટે લગભગ ૫૦૦ વિદ્યાર્થી વિઝા રદ કરવામાં આવ્યા છે. લોકોએ ધ્યાનમાં રાખવું જોઈએ કે યુએસ વિઝા વિશેષાધિકારો છે, સંપૂર્ણ અધિકારો નથી, અને તપાસ દરમિયાન ઉપલબ્ધ માહિતીના આધારે વિઝા રદ કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે યુએસ સરકારના નવા વિઝા નિયમોથી ભારત સૌથી વધુ પ્રભાવિત થયું છે.

ડિસેમ્બર ૨૦૨૫ થી, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે H-1B અનu H-૪ વિઝા અરજદારો માટે સ્ક્રીનીંગ શરૂ કરી છે, જેમાં સોશિયલ મીડિયા પ્રવૃત્તિની તપાસનો સમાવેશ થાય છે. જોકે, ભારતીયો માટે વિઝા ઈન્ટરવ્યુ મુલતવી રાખવામાં આવ્યા છે, જેના કારણે ઘણા અરજદારો મહિનાઓ સુધી વિઝા સ્ટેમ્પિંગ માટે રાહ જોઈ રહ્યા છે.

ટ્રમ્પ વહીવટીતંત્રે કાયદેસર અને ગેરકાયદેસર ઈમિગ્રેશન બંનેની તપાસ વધુ તીવ્ર બનાવી છે અને કામદારો અને વિદ્યાર્થીઓ બંને માટે વિઝા નિયમો કડક કર્યા છે.

# ભારત માટે અમેરિકાથી આવ્યા ખુશખબરઃ જપ્ત કરાયેલા જહાજના ૩ ભારતીય ક્રૂ મેમ્બર્સને છોડી દેવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

અમેરિકી સેનાએ વેનેઝુએલાથી નીકળેલા રશિયન ધ્વજ ધરાવતા તેલ ટેક્કર જહાજ પર ફરજ બજાવી રહેલા ભારતીય ક્રૂ મેમ્બર્સને મુક્ત કરી દીધા છે. અમેરિકી અધિકારીઓ દ્વારા આ અંગે સત્તાવાર માહિતી આપવામાં આવી છે. આ જહાજને ગત અઠવાડિયે નોર્થ એટલાન્ટિકમાં જપ્ત કરવામાં આવ્યું હતું, જેમાં ત્રણ ભારતીય નાગરિકો હોવાનું સામે આવ્યું હતું.

જપ્ત કરવામાં આવેલું જહાજ શેડો ફ્લીટનો હિસ્સો હતું. આ જહાજનું નામ 'મૈરિનેરા' હતું. તેને નોર્થ એટલાન્ટિકના આંતરરાષ્ટ્રીય જળ ક્ષેત્રમાંથી અમેરિકી ઓપરેશન દરમિયાન અટકાવવામાં આવ્યું હતું. અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ જહાજ 'શેડો ફ્લીટ'નો હિસ્સો હતું, જે વેનેઝુએલા, રશિયા અને ઈરાન જેવા પ્રતિબંધિત દેશો માટે તેલ ટ્રાન્સપોર્ટર તરીકે કામ કરતું હતું.

૨૮ ક્રૂ મેમ્બરમાંથી ભારતીયો સુરક્ષિત અહેવાલો મુજબ, આ ટેક્કરમાં કુલ ૨૮ ક્રૂ મેમ્બર હતા, જેમાં ત્રણ ભારતીયો ઉપરાંત યુક્રેનિયન, રશિયન અને જ્યોર્જિયન નાગરિકોનો સમાવેશ થાય છે. શરૂઆતમાં તમામ સભ્યો પર કેસ ચલાવવાની વાત હતી, પરંતુ હવે અમેરિકાએ ભારતીય નાગરિકોને મુક્ત કરવાનો નિર્ણય લેવાયો છે.

મુક્ત કરાયેલા ભારતીયોમાં હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લાનો ૨૬ વર્ષીય રક્ષિત ચૌહાણ પણ સામેલ છે. રક્ષિત મર્ચન્ટ નેવી ઓફિસર છે અને તે પોતાના પ્રથમ સમુદ્રી મિશન પર હતો. તેના પરિવારે જણાવ્યું કે જહાજ જપ્ત થયાના દિવસે જ તેની સાથે વાત થઈ હતી.

રાજદૂત સર્જિયો ગોરનો પદભાર અને સંબંધો નોંધનીય છે કે અમેરિકી સેનાએ આ નિર્ણય ત્યારે લીધો છે જ્યારે સર્જિયો ગોરે નવી દિલ્હીમાં અમેરિકી રાજદૂત તરીકે પદભાર સંભાળ્યો છે. કાર્યભાર સંભાળ્યા બાદ ગોરે કહ્યું કે, ભારત અને અમેરિકા અનેક મામલે એકબીજાના વ્યૂહાત્મક સાથી છે અને બંને દેશો મજબૂત સંબંધો માટે કામ કરી રહ્યા છે. બીજી તરફ, રશિયાએ પણ તમામ ૨૮ ક્રૂ સભ્યો સાથે માનવીય અને સન્માનજનક વ્યવહાર કરવાની તેમજ તેમને જલદી સ્વદેશ પરત મોકલવાની અપીલ કરી હતી.

### અંક બંધ

તા.૧૪-૦૧-૨૦૨૬નો બુધવારના રોજ ઉત્તરાયણ પર્વ નિમિત્તે ગરવી ગુજરાત કાર્યાલય સંપુર્ણ રજા પાળશે જેથી તા.૧૫-૦૧-૨૦૨૬ ગુરૂવારનો અંક પ્રગટ થશે નહિં. તા.૧૬-૦૧-૨૦૨૬ને શુક્રવારનો અંક રાબેતા મુજબ પ્રકાશિત થશે.

# સરકારનું કડક વલણઃ બ્લિંકિટમાં હવે ૧૦ મિનિટની ડિલીવરી નહીં કરવામાં આવે, સરકારે લગાવી રોક

## બ્લિંકિટ, ઝેપ્ટો, સ્વીગી અને ઝોમેટોથી ચર્ચા કરવામાં આવીઃ ડિલીવરી બોયની સુરક્ષિતને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

૧૦ મિનિટની ડિલીવરી પર સરકાર દ્વારા રોક લગાવવામાં આવી છે. એટલે કે ૧૦ મિનિટમાં ડિલીવરીનો દાવો હવે હટાવવામાં આવશે. બ્લિંકિટ, ઝેપ્ટો, સ્વીગી અને ઝોમેટોથી ચર્ચા કરવામાં આવી. ડિલીવરી બોયની સુરક્ષિતને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી માહિતી પ્રમાણે ૧૦ મિનિટમાં ડિલીવરી વાળા ક્વિક કોમર્સ મોડલને લઈને હવે સરકાર કડક થઈ ગઈ છે. ડિલીવરી બોયની સિક્યોરિટી સુનિશ્ચિત કરવા માટે હવે સરકારે હસ્તક્ષેપ કર્યો છે. સરકારના હસ્તક્ષેપ બાદ બ્લિંકિટે હવે દરેક બ્રાન્ડથી ૧૦ મિનિટ ડિલીવરીનું ફિચર હટાવવાનું એલાન કર્યુ છે.

શ્રમ મંત્રી મનસુખ માંડવિયાએ આ મુદ્દા પર ક્વિક કોમર્સ સેક્ટરમાં સક્રિય કંપનીઓ સાથે વાતચીત કરી હતી.જેની અસર હવે જોવા મળી છે. બ્લિંકિટ હવે દરેક બ્રાન્ડ પરથી ૧૦ મિનિટમાં ડિલીવરીની વાત હટાવવા જઈ રહ્યુ છે.મળતી માહિતી પ્રમાણે બ્લિંકિટ બાદ દરેક કંપનીઓ તરફથી પણ જલ્દી જ આ રીતે એલાન કરવામાં આવી શકે છે. કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાને તમામ કંપનીઓએ ખાતરી આપી છે કે તેઓ પોતાના બ્રાન્ડની જાહેરાતો અને સોશિયલ મીડિયા પરથી ૧૦ મિનિટમાં ડિલિવરી કરવાની સમયમર્યાદા હટાવશે. કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયાએ બ્લિંકિટ, ઝેપ્ટો, સ્વિગી અને ઝોમેટોના અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. મનસુખ માંડવિયાએ આ કંપનીઓના અધિકારીઓને ડિલિવરી માટેની સમયમર્યાદા દૂર કરવા અંગે જણાવ્યું હતું. કેન્દ્રિય મંત્રી સાથેની ચર્ચા દરમિયાન તમામ કંપનીઓએ પોતાની જાહેરાતોમાંથી ટાઈમ લિમિટ હટાવવા પર સંમતિ વ્યક્ત કરી હતી.

### કોંગ્રેસના સાંસદે કરી મોટી જાહેરાત

# અયોધ્યામાં રામ મંદિરમાં દર્શન કરવા જશે રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

રાહુલ ગાંધી ટૂંક સમયમાં રામ મંદિર જશે અને ત્યાં રામલલાના દર્શન કરશે. બારાબંકીથી કોંગ્રેસ સાંસદ તનુજ પુનિયાએ તેની ઘોષણા કરી છે. એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે આ વાતની જાહેરાત કરી છે. પુનિયાએ અત્યાર સુધી રાહુલ રામ મંદિર ન જવાના સવાલનો પણ જવાબ આપ્યો. તેમણે કહ્યું કે ટૂંક સમયમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી રામ મંદિરમાં જશે. હવે મંદિરનો ધ્વજ પણ લાગી ગયો છે. હવે રામ મંદિર કમ્પ્લીટ થઈ ગયું છે. અધૂરા રામ મંદિરમાં કોઈ પૂજા કરવા નથી જતું.



હવે રાહુલ ગાંધી અયોધ્યા રામ મંદિરમાં દર્શન કરવા જશે. હકીકતમાં જોઈએ તો, ૨૩ જાન્યુઆરીના રોજ ૩૨ સભ્યોવાળી સંસદીય સમિતિના અયોધ્યા પ્રવાસ પર પહોંચશે. આ સમિતિમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી પણ સામેલ છે. સમિતિના અયોધ્યા આગમન અને રાહુલ ગાંધીના રામલલાના દર્શનને લઈને રાજકારણ અને ધાર્મિક લોકોમાં ચર્ચા થવા લાગી છે. કોંગ્રેસ નેતા તનુજ પુનિયાએ આ મુદ્દા પર નિવેદન આપતા કહ્યું કે, હવે જ્યારે રામ મંદિરનું નિર્માણ પૂર્ણ થઈ ચૂક્યું છે અને મંદિરમાં ધ્વજારોહણ પણ થઈ ગયું છે. આવા સમયે રાહુલ ગાંધી રામલલાના દર્શન કરી શકે છે. તાજેતરના વર્ષોમાં જ્યારે રામ મંદિરનું નિર્માણ ચાલી રહ્યું હતું, ત્યારે મંદિર સંપૂર્ણપણે તૈયાર નહોતું. હવે નિર્માણ કાર્ય પૂર્ણ થયા બાદ રાહુલ ગાંધી અયોધ્યા આગમન અને રામલલાના દર્શનની સંભાવના વ્યક્ત કરી છે. આ અગાઉ વર્ષ ૨૦૧૬માં પણ રાહુલ ગાંધી અયોધ્યા આવ્યા હતા, તેમણે હનુમાનગઢીમાં દર્શન કર્યા હતા અને સંતોના આશીર્વાદ લીધા હતા, પણ રામલલાના દર્શન કરવા નહોતા ગયા.આ દરમ્યાન રામ મંદિર ટ્રસ્ટ તરફથી પણ રાહુલ ગાંધીને રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા સમારંભમાં આમંત્રણ આપ્યું હતું. હવે ફરી એક વાર તેમના અયોધ્યા આવવાને લઈને સંત સમાજની અલગ અલગ પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે. હનુમાનગઢીના મહંત રાજૂ દાસે રાહુલ ગાંધીના સંભવિત પ્રવાસને લઈને પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે કાલનેમિઓને હવે જતાં સદબુદ્ધિ આવી છે, જો લોકો ભગવાન રામને કાલ્પનિક ગણાવતા હતા, જેમણે રામ મંદિરના વિરોધમાં મોટા મોટા વકીલો રાખ્યા હતા, આજે એ જ લોકો રામલલાના દર્શનની વાત કરી રહ્યા છે. રામના શરણમાં બધાનું સ્વાગત છે. અમે પણ માળા પહેરાવીને સ્વાગત કરીશું.

# રૂ.૨૭૪૨ કરોડના કૌભાંડના પુરાવા સાથે ચેડાં : મમતા સામે ઈડી સુપ્રીમમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં ટીએમસીના ચૂંટણી પ્રચારની જવાબદારી સંભાળનારી આઇ-પેકની ઓફિસે ઈડી દ્વારા દરોડા પડાયા ત્યારે મુખ્યમંત્રી મમતા બેનરજી ત્યાં પહોંચી ગયા હતા અને ઓફિસમાં ઘૂસીને ફાઈલો લઈને બહાર આવી ગયા હતા. આ મામલે હવે ઈડી દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરાઈ છે જેમાં મમતા સામે એફઆઈઆર દાખલ કરવા આદેશ આપવાની માગણી કરવામાં આવી છે. સુપ્રીમમાં કરેલી અરજીમાં ઈડીએ મમતા ઉપરાંત બંગાળના ડીજીપી, કોલકાતાના પોલીસ કમિશનર સામે પણ કાર્યવાહીમાં દખલ દેવા ઉપરાંત પુરાવાનો નાશ કરવાના આરોપો લગાવ્યા છે. ઈડીએ સુપ્રીમમાં કહ્યું છે કે અગાઉ એજન્સી દ્વારા આ મામલે કલકત્તા હાઈકોર્ટમાં પણ અરજી કરવામાં આવી હતી પરંતુ મુખ્યમંત્રી અને ટીએમસીના સમર્થકો દ્વારા કોર્ટમાં ખલેલ પહોંચાડવામાં આવી હતી જેને કારણે જજે કાર્યવાહીને સ્થગિત કરવી પડી હતી. કલકત્તા હાઈકોર્ટમાં ઈડીની અરજી બાદ બંગાળ સરકારે કેવીએટ દાખલ કરી હતી અને કોઈ પણ આદેશ પહેલા સરકારને સાંભળવામાં આવે તેવી માગણી કરી હતી.




# તંત્રી લેખ......

## મહારાષ્ટ્રમાં, સત્તાની ઈચ્છા વિચારધારાને વટાવી ગઈ છે

જ્યારે પણ કોઈ મોટી રાજકીય ઉથલપાથલ થાય છે, ત્યારે આ કહેવત સરળતાથી પ્રચલિત થાય છે કે રાજકારણ શક્યતાઓનો ખેલ છે, અને તેમાં કોઈ કાયમી મિત્ર કે દુશ્મન નથી. જો કે, મહારાષ્ટ્ર નાગરિક ચૂંટણીઓમાં સત્તાની ઈચ્છાથી સર્જાયેલી શક્યતાઓએ સૌથી વરિષ્ઠ નિષ્ણાતોને પણ આશ્ચર્યચકિત કર્યા છે. ભાજપ-કોંગ્રેસ અને ભાજપ-એઆઈએમઆઈએમ જોડાણો કદાચ થોડા સમય માટે જ ટક્યા હશે, પરંતુ તેમણે સાબિત કર્યું કે આજના રાજકારણમાં, વિચારધારા કરતાં સત્તા વધુ મહત્વપૂર્ણ છે.

આ ઉલટફેર બે જગ્યાએ જોવા મળ્યો: અંબરનાથ અને અકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન. અંબરનાથમાં, ભાજપ, કોંગ્રેસ અને અજિત પવારની દ્રઊઁ એ એકનાથ શિંદેની શિવસેનાને સત્તાથી દૂર રાખવા માટે અંબરનાથ વિકાસ આઘાડીની રચના કરી, જ્યારે અકોટમાં, ભાજપ અને એઆઈએમઆઈએમએ દળો ભેગા કર્યા. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ અંગે નારાજગી વ્યક્ત કરી, અને પક્ષના પ્રદેશ પ્રમુખે તેમના એક ધારાસભ્યને કારણ બતાવો નોટિસ જારી કરી, જ્યારે કોંગ્રેસે અંબરનાથમાં તેના કાઉન્સિલરને સસ્પેન્ડ કર્યા.

સાથી પક્ષોમાં મતભેદ. સ્થાનિક નેતાઓ સામાન્ય રીતે સંજોગોના આધારે નિર્ણયો લેવા માટે સ્વતંત્ર હોય છે. જો કે, આ જોડાણો રાજ્યમાં મોટા રાજકીય ગતિશીલતા પણ દર્શાવે છે. શાસક ભાજપ અને શિવસેના (શિંદે જૂથ) વચ્ચેનો મતભેદ ઘણી વખત સામે આવ્યો છે. ગયા વર્ષે નવેમ્બરમાં, બંને પક્ષોએ એકબીજા પર નેતાઓનો શિકાર કરવાનો આરોપ લગાવ્યો હતો. તે સમયે ઉચ્ચ સ્તરીય કરાર થયો હતો કે તેઓ એકબીજામાંથી નેતાઓની ભરતી નહીં કરે. અજિત પવાર સાથે અસંતોષ. જ્યારે આનાથી પરસ્પર અસંતોષ શાંત થયો હોય શકે છે, એવું લાગે છે કે તેનાથી તેનો ઉકેલ આવ્યો નથી. એ નોંધવું યોગ્ય છે કે બીજા શાસક ગઠબંધન ભાગીદાર, ડેપ્યુટી સીએમ અજિત પવાર સાથેના સંબંધો પણ અસ્થિર રહ્યા છે. ભ્રષ્ટાચાર અંગે તેમણે આપેલા નિવેદન પર ભાજપે તીવ્ર પ્રતિક્રિયા આપી હતી. જનતા સાથે વિશ્વાસઘાત. ગઠબંધન ભાગીદારો વચ્ચે મતભેદ સામાન્ય છે. ક્યારેક વૈચારિક મતભેદો નોંધપાત્ર બની જાય છે, પરંતુ એકબીજાને રોકવા માટે વિરોધ પક્ષ સાથે જોડાવા એ હદ સુધી વધી જવું એ જનતા સાથે વિશ્વાસઘાત છે. જ્યારે કોઈ વૈચારિક જોડાણ ન હોય, ત્યારે સત્તા માટે જોડાવું એ માત્ર તકવાદ છે. શું જે પક્ષોના રાજકીય હિતો એકબીજા સાથે વિરોધાભાસી છે, અને જેઓ કેન્દ્રથી રાજ્ય સુધી હરીફ છે, તેઓ જનતાના હિત માટે સુમેળમાં સાથે કામ કરી શકશે? આ શંકાસ્પદ છે.

ભારતના વિરોધ બાદ

## ચીને ફરીથી શક્સગામ ખીણ પ્રદેશ પોતાનો હોવાનો દાવો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજિંગ

ભારતે નોંધાવેલા વાંધા-વિરોધના પરિપ્રેક્ષ્યમાં ચીને સોમવારે શક્સગામ વેલી પર પોતાનો પ્રાદેશિક દાવો ફરીથી દોહરાવ્યો અને કહ્યું કે આ વિસ્તારમાં ચાલી રહેલા ચીની ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ "તદ્દન બિનવિવાદાસ્પદ" છે.ભારતે ગયા શુક્રવારે શક્સગામ વેલીમાં ચીન દ્વારા કરવામાં આવી રહેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પ્રોજેક્ટ્સની ટીકા કરી હતી અને જણાવ્યું હતું કે આ વિસ્તાર ભારતીય ભૂમિ હોવાથી પોતાના હિતોની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવાનો અધિકાર તેનો પોતાનો છે. પાકિસ્તાને ૧૯૬૩માં શક્સગામ વેલીમાં આવેલી ૫,૧૮૦ ચોરસ કિમી ભારતીય ભૂમિ ચીનને ગેરકાયદે સોંપી હતી. આ વિસ્તાર પાકિસ્તાન દ્વારા ગેરકાયદે કબજામાં લેવામાં આવ્યો હતો.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધિર જયસ્વાલે જણાવ્યું હતું, "શક્સગામ વેલી ભારતીય ભૂમિ છે. ૧૯૬૩માં કરવામાં આવેલા કહેવાતા ચીન-પાકિસ્તાન 'સીમા કરાર'ને અમે ક્યારેય માન્યતા આપી નથી. અમે સતત એ વાત પર અડગ રહ્યા છીએ કે આ કરાર ગેરકાયદેસર અને અમાન્ય છે."તેમણે ઉમેર્યું હતું, "અમે ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોરને પણ માન્યતા આપતા નથી, કારણ કે તે ભારતીય ભૂમિમાંથી પસાર થાય છે, જે પાકિસ્તાનના બળજબરીપૂર્વક અને ગેરકાયદે કબજામાં છે." જયસ્વાલની ટિપ્પણીઓ પર પ્રતિક્રિયા આપતાં ચીનના વિદેશ મંત્રાલયની પ્રવક્તા માઓ નીંગે અહીં એક મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું કે, "સૌ પ્રથમ તો, તમે જે વિસ્તારની વાત કરો છો તે ચીનની ભૂમિનો ભાગ છે." તેમણે ભારતની ટીકા અંગેના પ્રશ્નના જવાબમાં કહ્યું, "ચીન પોતાની ભૂમિમાં જે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રવૃત્તિઓ કરે છે તે સંપૂર્ણપણે નિર્દોષ અને નિર્વિવાદ છે."માઓએ જણાવ્યું કે ચીન અને પાકિસ્તાને ૧૯૬૦ના દાયકાથી સીમા કરાર પર હસ્તાક્ષર કર્યા છે અને બંને દેશો વચ્ચેની સીમા નક્કી કરી છે. આ બંને સ્વતંત્ર દેશોના સાર્વભૌમ અધિકારો છે, તેમ તેમણે કહ્યું.ચીન-પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર અંગે ભારતની ટીકા પર માઓએ બેઈજિંગનું પહેલાનું વલણ પુનરાવર્તિત કરતાં જણાવ્યું કે આ એક આર્થિક પહેલ છે, જેનો ઉદ્દેશ સ્થાનિક આર્થિક અને સામાજિક વિકાસ તેમજ લોકોની જીવનશૈલી સુધારવાનો છે.

પરિવાર દિકરાની સારવાર અર્થે સુરત ગયો ને

## વાંઠવાડીમાં તસ્કરો મકાનનું તાળું તોડી રૂ. ૧૧.૧૮ લાખની મત્તા ચોરીને ફરાર

(સંપૂર્ણ સમાચાર સેવા)નડિયાદ

મહેમદાવાદ તાલુકાના વાંઠવાડી ગામે રહેતા પરિવારજનો બીમાર દીકરાને લઈને સારવાર કરાવવા સુરત ગયા હતા. આ દરમિયાન બંધ મકાનનું તાળું તોડી તસ્કરો સોના ચાંદીના દાગીના તેમજ રોકડ મળી કુલ રૂપિયા ૧૧,૧૮,૦૦૦ની મત્તા ચોરી ફરાર થઈ ગયા હતા. આ બનાવ અંગે મહેમદાવાદ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.મહેમદાવાદ તાલુકાના વાંઠવાડી ગામે રામજી ફળિયામાં બહાદુર મુન્નાલાલ શર્મા પરિવાર સાથે રહે છે. તેમનો દીકરો અભિષેક મગજની બીમારીથી પીડાતો હોવાથી ગત તા.૮-૧-૨૬ના રોજ મકાનને તાળું મારી તેઓ પત્ની અને પુત્રવધુને સાથે લઈ સુરત ખાતેની હોસ્પિટલ ગયા હતા. જ્યાં દીકરાને સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન તા.૮થી તા.૧૧ની રાત્રિ સમયે અજાણ્યા તસ્કરો બંધ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ્યા હતા. આ તસ્કરો ઘરમાં તમામ ચીજ વસ્તુઓ કપડાં વગેરે વેરવિખેર કરી લાકડાના બે કબાટમાં મુકેલા સોનાના દાગીના જેમાં સોનાની વીંટીઓ, સોનાની ચેન, સોનાની રુદ્રાક્ષની ચેન, સોનાના કડા, ચાંદીના છડા, ચાંદીની પાટ, ચાંદીના સિક્કા નંગ ૧૫, ચાંદીની મૂત, ચાંદીના ગ્લાસ મળી કુલ રૂ.૬,૩૫,૦૦૦ના સોના ચાંદીના દાગીના, ૨૦૦ ડોલર કિંમત રૂ.૧૮,૦૦૦ તેમજ રોકડ રૂ.૪,૬૫,૦૦૦ મળી કુલ રૂ.૧૧,૧૮,૦૦૦ની મત્તા ચોરી ફરાર થયા હતા.

ગુજરાતની ધરતી પરથી ભારતની સ્વાસ્થ્ય સુરક્ષા અને બાયો સેફ્ટી ક્ષેત્રના વિકાસના નવા યુગની શરૂઆત: કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ

## કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે અદ્યતન બાયો-કન્ટેઈનમેન્ટ ફેસિલિટી "બાયો સેફ્ટી લેવલ-૪" લેબનો શિલાન્યાસ

ગૃહમંત્રીશ્રીના સંસદીય મતક્ષેત્ર ગાંધીનગરમાં રૂ. ૩૬૨ કરોડના ખર્ચે નિર્માણ પામશે રાજ્ય સરકાર સંચાલિત દેશની પ્રથમ 'BSL-4' લેબ





કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતની પ્રથમ અદ્યતન બાયો-કન્ટેઈનમેન્ટ ફેસિલિટી "બાયો સેફ્ટી લેવલ-૪" લેબ તેમજ "એનિમલ બાયો-સેફ્ટી લેવલ" સુવિધાનો ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં શિલાન્યાસ કર્યો હતો. આ વેળાએ રાજ્યના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહ દરમિયાન ગુજરાત બાયો-ટેક્નોલોજી રીસર્ચ સેન્ટરની "બાયો સેફ્ટી લેવલ-૪" સુવિધાને ભારત સરકારની "BioE3 નીતિ" અંતર્ગત 'નેશનલ સેન્ટર ફોર હાઈ કન્ટેઈનમેન્ટ પેથોજેન રિસર્ચ ફેસિલિટી' તરીકે નિયુક્ત કરવા માટે કેન્દ્રીય બાયોટેકનોલોજી વિભાગ દ્વારા ગુજરાતના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગને લેટર ઓફ ઈન્ટેન્ટ (LoI) એનાયત કરવામાં આવ્યો હતો.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ગુજરાતની ધરતી પરથી ભારતની સ્વાસ્થ્ય સુરક્ષા અને બાયો સેફ્ટી ક્ષેત્રના વિકાસના નવા યુગની શરૂઆત થઈ છે. પુણે બાદ દેશની આ માત્ર બીજી ઉચ્ચ સ્તરીય લેબ છે, પરંતુ રાજ્ય સરકારની વિશેષ પહેલથી રૂ. ૩૬૨ કરોડના ખર્ચે નિર્માણ પામનારી આ દેશની પ્રથમ BSL-4 લેબ બનશે. ભવિષ્યમાં આ લેબ જીવલેણ વાયરસો સામે લડવા માટે ભારતનું અભેદ સુરક્ષા કવચ અને જૈવ સુવિધાનો મજબૂત કિલ્લો પૂરવાર થશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિજ્ઞાન અને ટેકનોલોજી રાષ્ટ્રના વિકાસનો આધાર સ્તંભ હોવો જોઈએ' તેવા વિઝનને દોહરાવતા શ્રી શાહે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય કક્ષાની આ લેબ સંશોધકો અને યુવાનો માટે અનેક તકોના દ્વાર ખોલશે.

ખાસ કરીને પશુઓમાંથી માણસોમાં ફેલાતી બીમારીઓને અટકાવવા માટે વડાપ્રધાનશ્રીએ શરૂ કરેલા "વન હેલ્થ મિશન"ને આ લેબથી વેગ મળશે. તાજેતરમાં ગુજરાતે અનુભવેલા ચાંદીપુરા અને લમ્પી સ્કીન ડીઝીસ જેવા સંકટો સામે આ પ્રકારની રીસર્ચ આધારિત કાયમી સુરક્ષા વ્યવસ્થા અનિવાર્ય હતી.

ભારતના બાયો ટેકનોલોજી ક્ષેત્રમાં આવેલા ક્રાંતિકારી પરિવર્તનના આંકડા રજૂ કરતા તેમણે જણાવ્યું કે, છેલ્લા ૧૧ વર્ષમાં બાયો-ટેક્નોલોજી ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઈ છે. વર્ષ ૨૦૧૪માં ભારતની બાયો-ઈકોનોમી જે ૧૦ બિલિયન ડોલર હતી, તે વર્ષ ૨૦૨૪ સુધીમાં વધીને ૧૬૬ બિલિયન ડોલરને પાર પહોંચી છે. સંશોધનને 'આવિષ્કારનો આત્મા' ગણીને કેન્દ્ર સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી માળખાકીય સુવિધાઓને કારણે આજે ભારતના વૈજ્ઞાનિકો અત્યંત સુરક્ષિત વાતાવરણમાં વિશ્વસ્તરીય સંશોધનો કરી રહ્યા છે.

ગૃહ મંત્રીએ સ્ટાર્ટઅપ અને રોકાણના ક્ષેત્રે થયેલી વૃદ્ધિ પર પ્રકાશ પાડતા કહ્યું કે, વર્ષ ૨૦૧૪માં આ ક્ષેત્રે ૫૦૦થી પણ ઓછા સ્ટાર્ટઅપ્સ હતા, જે આજે ૧૦,૦૦૦થી વધુ થયા છે. તેવી જ રીતે, ઈન્ક્યુબેટર્સની સંખ્યા ૬ થી વધીને ૯૫ અને ઈન્ક્યુબેસન સ્પેસ ૬૦ હજાર સ્ક્વેર ફૂટથી વધીને ૯ લાખ સ્ક્વેર ફૂટ થઈ છે.

નોંધપાત્ર રીતે, પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ રૂ. ૧૦ કરોડથી વધીને રૂ. ૭૦૦૦ કરોડ સુધી પહોંચ્યું છે અને પેટન્ટ ફાઈલિંગની સંખ્યા પણ ૧૨૫થી વધીને ૧૩૦૦ને પાર કરી ગઈ છે, જે દર્શાવે છે કે ભારતના યુવાનો હવે 'જોબ શિકર' નહીં પણ 'જોબ ગીવર' બન્યા છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, ભારત સરકારની "BioE3 નીતિ" હેઠળ દેશને બાયો-ટેક્નોલોજી ક્ષેત્રે વધુ ઊંચાઈએ લઈ જવાનો નિર્ધાર છે. ભારત આજે કોરોના અને સર્વાઈકલ કેન્સર જેવી ગંભીર બીમારીઓની વેક્સીનનું સ્વદેશી નિર્માણ કરી રહ્યું છે. તેમણે વિદ્યાર્થીઓ અને સંશોધકોને આહ્વાન કર્યું હતું કે, ભારતની સ્વાસ્થ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારી હવે તેમના ખભા પર છે. આ લેબ આગામી સમયમાં સ્વાસ્થ્ય ક્ષેત્રે અનેક સકારાત્મક પરિવર્તનો લાવવા માટે સક્ષમ બનશે.

તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત આજે 'વિકાસ' અને 'વિરાસત' બંનેને સાથે લઈને આગળ વધી રહ્યું છે. કોરોના કાળમાં ભારતીય વૈજ્ઞાનિકોએ ટૂંકા સમયમાં વેક્સિન બનાવી ૧૪૦ કરોડ નાગરિકોને સુરક્ષિત કરી વિશ્વને મદદ કરી છે, જેના પાયામાં વિજ્ઞાન અને ટેકનોલોજીને રાષ્ટ્રના વિકાસનો આધાર સ્તંભ બનાવવાનો અભિગમ રહ્યો છે. આ લેબ દ્વારા ભારતીય વૈજ્ઞાનિકો હવે સેમ્પલ ટેસ્ટિંગ માટે વિદેશ પર નિર્ભર નહીં રહેવું પડે, જે સ્વાસ્થ્ય ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સિદ્ધ કરશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વર્ષ ૨૦૨૭ સુધીમાં સેમિકન્ડક્ટર અને બાયોટેકનોલોજી ક્ષેત્રમાં પણ ભારત વિશ્વસ્તરે પ્રથમ હરોળમાં હશે.

ગૃહ મંત્રીશ્રીએ એન્ટીબાયોટિક દવાઓના દુરુપયોગથી ઉભા થતા 'સાયલન્ટ ડિઝાસ્ટર' (AMR) સામે ચિંતા વ્યક્ત કરી વિદ્યાર્થીઓ અને સંશોધકોને સંશોધન દ્વારા નવી પેઢીને સુરક્ષિત કરવા આહવાન કર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ બાયોટેક ક્ષેત્રે અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'નું લક્ષ્ય સિદ્ધ કરવા નેશનલ ફેસિલિટીનો મહત્તમ ઉપયોગ કરી માનવ જીવનને ઉપયોગી એવા ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન અને વેક્સિન બનાવવા હાકલ કરી હતી. આ સુવિધા માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે એક સુરક્ષા કવચ બનીને ઉભરશે.

વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન હેઠળ દેશ જ્યારે વિકસિત ભારત' તરફ આગળ વધી રહ્યો છે ત્યારે બાયોટેકનોલોજી જેવું વિજ્ઞાન આપણને સુરક્ષા આપશે અને સોમનાથ સ્વાભિમાન પર્વ જેવી વિરાસત આપણને ગૌરવપૂર્ણ ઓળખ આપશે. ભારત આજે સંસ્કૃતિના પાયા પર આધુનિક વિજ્ઞાનની ઈમારત ચણી રહ્યું છે. બાયોટેક ક્ષેત્રે થયેલું આ નવું સંશોધન દેશના આરોગ્ય ક્ષેત્રને નવી ઊંચાઈએ લઈ જશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે દેશને સંભવિત મહામારીઓ સામે વધુ સુરક્ષિત બનાવતો આ પ્રકલ્પ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હેલ્થ કેર અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટનો મહત્વપૂર્ણ પ્રકલ્પ ગણાવ્યો હતો.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી સમય કરતા આગળનું વિચારનારા વિઝનરી લીડર છે તેમના આવા જ વિઝનથી ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર જી.બી.આર.સી. કાર્યરત કરીને વાયરલ જન્ય રોગચાળા, જેનેટિક સંક્રમણો અને મહામારી જેવા ગંભીર આરોગ્ય સેક્ટરના નિદાન સંશોધન માટે બહારની સંસ્થાઓ પર નિર્ભર રહેવું ન પડે તેવો આત્મનિર્ભરતાનો ધ્યેય પાર પાડ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ BSL-4 લેબ કાર્યરત થવાથી હાઈ રીસ્ક વાઈરસ પર રાજ્યમાં સંશોધન શક્ય બનાવાથી સમયસર, ચોક્કસ અને વિશ્વસનીય નિદાન ઉપલબ્ધ થશે તેમજ આરોગ્ય તંત્ર વધુ સશક્ત અને સજ્જ બને તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જી.બી.આર.સી. માત્ર સંશોધન સંસ્થાન જ નહીં પરંતુ રાજ્યની બાયોટેક કેપેસિટીનું નોડલ સેન્ટર પણ છે તેની ભૂમિકા આપતા કહ્યું કે, BSL-4 લેબમાં જે સંશોધન થશે તે સીધું નિદાન, સારવાર અને જાહેર સ્વાસ્થ્યની નીતિઓમાં પરિવર્તિત થનારું ટ્રાન્સલેશન રિસર્ચ બનશે.

તેમણે વિકસિત ભારત @ ૨૦૪૭ના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સ્વસ્થ, સુરક્ષિત અને આત્મનિર્ભર ભારતથી સાકાર કરવામાં આ BSL-4 ફેસીલીટી માઈલસ્ટોન સાબિત થશે તેમ જણાવ્યુ હતુ.

સ્વાગત પ્રવચન કરતાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ભારતનો ઈતિહાસ અને ભૂગોળ બદલવામાં જેમ મહાત્મા ગાંધી, સરદાર પટેલનું યોગદાન રહ્યું છે, તેમ આધુનિક ભારત અને ગુજરાતનું ભાગ્ય બદલવાનું કાર્ય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે કર્યું છે.

ગુજરાતની આ પ્રથમ અને દેશની અત્યંત મહત્વની સંશોધન સુવિધા વૈશ્વિક આરોગ્ય પડકારોનો સામનો કરવામાં નિર્ણાયક સાબિત થશે તેમ જણાવતા મંત્રીશ્રીએ કહ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રીની પરિકલ્પનાથી 'ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન' (GSBTM) ની સ્થાપના થઈ હતી. આજે તે જ વિઝનને પરિણામે ગુજરાત એશિયાની પ્રથમ ડેડિકેટેડ બાયોટેક યુનિવર્સિટી ધરાવતું રાજ્ય બન્યું છે. જે સંશોધન સુવિધાનું આજે ખાતમુહૂર્ત થયું છે તે ભારત સરકાર દ્વારા ડેઝિગ્નેટ કરાયેલી ગુજરાતની આ પ્રકારની પ્રથમ સંશોધન સુવિધા છે.

આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, સાંસદ સર્વ શ્રી હસમુખભાઈ પટેલ, હરિભાઈ પટેલ, મયંકભાઈ નાયક, ધારાસભ્ય સર્વ શ્રી રીટાબેન પટેલ, અલ્પેશભાઈ ઠાકોર, ભારત સરકારના બાયોટેકનોલોજી સચિવ શ્રી રાજેશ ગોખલે, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સચિવ શ્રી પી. ભારતી અને ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી મેહુલ દવે સહિત વિવિધ પદાધિકારીશ્રીઓ, રાજ્ય સરકારના અધિકારી-કર્મચારી અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

PAGEના શિલાન્યાસ સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિ

## કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહના હસ્તે ફાર્માસ્યુટિકલ એકેડેમી ફોર ગ્લોબલ એક્સેલન્સ (PAGE)નો શિલાન્યાસ કરાયો

ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ અલાયન્સ (IPA)નાં ૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે પ્રકાશિત કૉફી ટેબલ બુક 'ધ એલ્કેમી ઑફ ક્યોર'નું વિમોચન કરાયું

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહના હસ્તે અમદાવાદના સનાથલ ખાતે ફાર્માસ્યુટિકલ અકેડેમી ફોર ગ્લોબલ એક્સિલન્સ (PAGE)નો શિલાન્યાસ કરવામાં આવ્યો. PAGEના શિલાન્યાસ સમારંભમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ અલાયન્સ (IPA)નાં ૨૫ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી પણ કરવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'ધ એલ્કેમી ઑફ ક્યોર' કૉફી ટેબલ બુકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સનાં ૨૫ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ઇન્ડિયા ફાર્મા આર્કાઈવ્સનું પણ લોકાર્પણ કરાયું હતું.




આ સમારંભમાં IPAના પ્રમુખ અને ઝાયડસના મેનેજિંગ ડિરેક્ટર ડૉ. શાર્વિલ પટેલે પ્રાસંગિક વકતવ્ય આપ્યું હતું, જ્યારે ડૉ. રેડ્ડીના ચેરમેન શ્રી સતીષ રેડ્ડીએ સ્વાગત પ્રવચન અને લુપિનના એમડી શ્રી નીલેશ ગુપ્તાએ આભારવિધિ કરી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી બાબુભાઈ જ. પટેલ, ધારાસભ્ય શ્રી કનુભાઈ પટેલ, અગ્રણી ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના લીડર્સ અને શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા.

અત્રે ઉલ્લેખનીય છે કે PAGE એ ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એલાયન્સ (IPA)ની સભ્ય કંપનીઓ દ્વારા શરૂ કરાયેલ ઉદ્યોગ આધારિત નેશનલ સ્કિલિંગ ઈનિશિયેટિવ છે. આ પહેલ માટે IPAના સભ્યોએ ફાર્માસ્યુટિકલ ઉત્પાદન અને ગુણવત્તા ઉત્કૃષ્ટતાને ધ્યાનમાં રાખીને કુલ ૫૦ મિલિયન અમેરિકન ડૉલરની રકમ ફાળવી છે.

IPAની સભ્ય કંપનીઓના સામૂહિક પ્રયાસ રૂપે શરૂ કરાયેલા PAGEનો હેતુ વૈશ્વિક સ્તરની તાલીમ સંસ્થાઓ સ્થાપવાનો છે, જેમાં આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગ, ગુણવત્તા સિસ્ટમ્સ અને ઓપરેશન્સ માટે ઉચ્ચ કુશળ માનવ સંસાધન તૈયાર કરવામાં આવશે.

સુરતના કતારગામમાં ફરી એકવાર ગુનાખોરીની ઘટના

## સુરતમાં ધોળા દિવસે બિલ્ડરની હત્યા, ચાકુના ઘા ઝીંકી રહેંસી નાખ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના કતારગામ વિસ્તારમાં ફરી એકવાર ગુનાખોરીની ઘટના સામે આવી છે. કતારગામના ધનમોરા રોડ પર આવેલી જેકેપી નગર નામની સોસાયટીમાં ધોળા દિવસે બિલ્ડરની હત્યા કરાતા ફફડાટ ફેલાયો છે. જૂની અદાવતને પગલે આ ખૂની ખેલ ખેલાયો હોવાની પ્રાથમિક વિગતો જાણવા મળી રહી છે.પોલીસના જણાવ્યા મુજબ સરથાણા વિસ્તારમાં આવેલા યોગીચોક ખાતે આવેલી સર્જન હાઈટ્સમાં ૪૬ વર્ષીય વિપુલ રવજીભાઈ માંડાણી પરિવાર સાથે રહેતા હતા. આ સાથે જ બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. બિલ્ડર તરીકે કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. વિપુલભાઈ કતારગામ વિસ્તારમાં આવેલા જે.કે.પી. સોસાયટી પાસે કામ અર્થે ગયા હતા. ઢળતી સાંજે બનેલી હત્યાની આ ઘટનામા ત્રણથી ચાર શખસો સાથે બોલાચાલી અને ઝપાઝપી બાદ વિપુલભાઈને પેટના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારવામાં આવ્યા હતા. લોહીલુહાણ હાલતમાં વિપુલભાઈને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.ડીસીપી રાઘવ જૈનનું કહેવું છે કે, ત્રણથી ચાર શખસો સાથે બોલાચાલી અને ઝપાઝપી બાદ વિપુલભાઈને પેટના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. હાલ તપાસ ચાલુ છે. આ ઘટના અંગેની જાણ થતા પરિવારજનો હોસ્પિટલ દોડી આવ્યા હતા. પોસ્ટમોર્ટમ રૂમની બહાર પરિવારજનો દ્વારા હત્યારાઓ ન પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાની હઠ પકડી છે. સાથે જ હત્યારાઓને ફાંસીની સજા કરવામાં આવે તે પ્રકારની પણ માંગ કરવામાં આવી છે. મૃતક બિલ્ડરનો ભાઈ પ્રકાશ માંડાણી કહે છે કે, હત્યારાઓને ફાંસીની સજા થવી જોઈએ. જ્યા સુધી હત્યારા નહી પકડાય ત્યાં સુધી અમે મૃતદેહ નહી સ્વીકારીએ.

બીજી તરફ હોસ્પિટલમાં હાજર લોકોમાં ચાલતી ચર્ચા મુજબ હત્યા પાછળ ૪૬ વર્ષીય વિપુલ રવજીભાઈ માંડાણીની હત્યા પાછળ જૂની અદાવત જવાબદાર હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. ભૂતકાળમાં થયેલા કોઈ ઝઘડા અથવા અણબનાવનું વેર રાખવા માટે હુમલાખોરોએ આયોજનબદ્ધ રીતે આ હુમલો કર્યો હોવાની શક્યતા છે. જોકે, ચોક્કસ કારણ પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.હત્યારાઓને ઝડપી પાડવા માટે પોલીસે સોસાયટીના સીસીટીવી ફૂટેજ મેળવવાની પ્રક્રિયા શરૂ કરી છે.

## પતંગના મંડપને સરખો કરવા જતા વીજ કરંટથી એકનું મોત, બે ગંભીર

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

કઠવાડા વિસ્તારમાં પતંગના સ્ટોલમાં ત્રણ સગીર મિત્રો આરામ કરી રહ્યા હતા તે દરમિયાન પૂરઝડપે આવેલી એક કાર સ્ટોલ સાથે અથડાતા મંડપ તૂટી પડ્યો હતો. ત્યારબાદ સ્ટોલને ફરી સરખો કરતી વખતે ખુલ્લા પડેલા ઈલેક્ટ્રિક વાયરથી ત્રણેય સગીરને કરંટ લાગતા તેઓ બેભાન થઈ ગયા હતા. જેમાં એક સગીરનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે બે સગીરોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.કઠવાડા સિંગરવા રોડ નજીક ગુજરાત હાઉસિંગ બોર્ડ વસાહતના મકાનમાં ૧૬ વર્ષીય સગીર પરિવાર સાથે રહેતો હતો અને મજૂરી કામ કરતો હતો. ૧૦ જાન્યુઆરીએ તે બે સગીર મિત્રો સાથે કઠવાડા સોસાયટીની સામે આવેલા પતંગના સ્ટોલમાં આરામ કરી રહ્યો હતો. આ સમયે પૂરઝડપે આવી રહેલા કારચાલકે કાર પતંગના સ્ટોલના થાંભલા સાથે અથડાવી હતી, જેના કારણે સ્ટોલ જમીન પર ઢળી પડ્યો હતો. સ્ટોલ તૂટી પડ્યા બાદ સગીર પોતાના બે મિત્રો સાથે મંડપને સરખો કરવા માટે ગયો હતો. તે દરમિયાન મંડપમાં ખુલ્લા પડેલા ઈલેક્ટ્રિક વાયરનો સ્પર્શ થતાં ત્રણેયને જોરદાર વીજ કરંટ લાગ્યો અને તેઓ સ્થળ પર જ બેભાન થઈને ઢળી પડ્યા હતા. ઘટનાની જાણ થતાં આસપાસના લોકોએ તાત્કાલિક ત્રણેયને હોસ્પિટલ ખસેડ્યા હતા.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૧૩/૦૧/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૪૧૩ | ૧,૨૫૫.૦૦ | ૧,૮૯૯.૦૦ |
| ૨ | એરંડા | ૪૫ | ૧,૨૮૬.૦૦ | ૧,૩૦૦.૦૦ |
| ૩ | ઘઉં | ૧૨૨ | ૫૩૫.૦૦ | ૫૫૪.૦૦ |
| ૪ | બાજરી | ૦ | ૪૫૦.૦૦ | ૪૬૫.૦૦ |
| ૫ | મકાઇ | ૦ | ૩૫૦.૦૦ | ૩૭૦.૦૦ |
| ૬ | વરીયાળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૦૦.૦૦ |
| ૭ | જીરૂ | ૦ | ૨,૦૦૦.૦૦ | ૩,૦૦૦.૦૦ |
| ૮ | કપાસ | ૧૨૫ | ૧,૫૫૬.૦૦ | ૧,૬૨૨.૦૦ |
| ૯ | સોયાબીન | ૧ | ૮૫૦.૦૦ | ૯૦૬.૦૦ |

મુનિમજી સોફ્ટવેર






RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહઃ સોનાનો વાયદો રૂ.૪૯૮ ઘટ્યો, ચાંદીનો વાયદો રૂ.૧૨૧૦ વધ્યો

## ક્રૂડ તેલના વાયદામાં સેંકડા વધ્યાઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૫૧૬૫.૨૧ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૮૬૦૦૩.૨૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૬૫૬૩.૪૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૬૪૮ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૩૧૧૭૬.૦૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૪૫૧૬૫.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૮૬૦૦૩.૨૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૭૬૪૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૯૪૫.૧૯ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૩૬૫૬૩.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૧૮૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૨૨૦૬ અને નીચામાં રૂ.૧૪૧૩૧૧ના મથાળે અથડાઈ, રૂ.૧૪૨૦૩૨ના આગલા બંધ સામે રૂ.૪૯૮ ઘટી રૂ.૧૪૧૫૩૪ થયો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૧૫૩૧૮ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, રૂ.૨૮૬ વધી રૂ.૧૧૫૦૧૮ થયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૪૪૬૩ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, રૂ.૨૬ વધી રૂ.૧૪૩૯૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૮ ઘટી રૂ.૧૪૧૩૭૦ થયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૨૩૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૪૨૭૬૬ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, નીચામાં રૂ.૧૪૧૬૦૦ના મથાળે અથડાઈ, રૂ.૧૪૨૪૪૦ના આગલા બંધ સામે રૂ.૩૬૪ ઘટી રૂ.૧૪૨૦૭૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૬૯૭૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૨૨૦૨ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શી, નીચામાં રૂ.૨૬૬૦૩૭ના મથાળે અથડાઈ, રૂ.૨૬૮૯૭૦ના આગલા બંધ સામે રૂ.૧૨૧૦ વધી રૂ.૨૭૦૧૮૦ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧૩૦૮ વધી રૂ.૨૭૨૦૪૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૨૬૭ વધી રૂ.૨૭૨૧૧૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૭૪૩૦૦ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૨૭૪૩૫૫ના ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૫૧૭૪.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૬.૨ ઘટી રૂ.૧૩૦૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત જાન્યુઆરી વાયદો ૭૦ પૈસા વધી રૂ.૩૧૩.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો રૂ.૧.૪૫ ઘટી રૂ.૩૧૫.૮ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો ૯૦ પૈસા ઘટી રૂ.૧૯૨.૨૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૪૨૨.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૩૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૩૯૫ અને નીચામાં રૂ.૪૨૮૯ના મથાળે અથડાઈ, રૂ.૭૪ ઘટી રૂ.૪૩૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૩૫૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૯૩ અને નીચામાં રૂ.૫૩૫૯ના સ્તરને સ્પર્શી, રૂ.૫૩૩૫ના આગલા બંધ સામે રૂ.૧૩૩ વધી રૂ.૫૪૬૮ થયો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧૩૪ વધી રૂ.૫૪૬૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૫.૩ વધી રૂ.૩૦૯.૮ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૫.૩ વધી રૂ.૩૦૯.૮ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૯૫ના ભાવે ખૂલી, રૂ.૨.૩ ઘટી રૂ.૯૭૯ થયો હતો. કોટન જાન્યુઆરી વાયદો રૂ.૪૦ વધી રૂ.૨૬૩૧૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૮૦ના ભાવે ખૂલી, રૂ.૨ ઘટી રૂ.૨૬૮૩ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૪૮૩૯.૪૬ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૨૧૭૨૪.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૩૪૩.૨૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૫૮.૮૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦.૬૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩૧.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૮.૬૯ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૫૬.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૫૭.૨૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૩.૬૩ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૨૬ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૫૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૯૯૮૦ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૫૪૬૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૪૦૪૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૯૩૭૦ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૧૨૫૧ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૪૪૨૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૩૭૬૫૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૯૧૧૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૧૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૪૩૨૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૭૯૩૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૭૫૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૮૪૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૭૩૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૬ પોઈન્ટ ઘટી ૩૭૬૪૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૮.૯ વધી રૂ.૧૧૨.૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૦૫ વધી રૂ.૧૭.૨૫ના ભાવે બોલાયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૪૪૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૧.૫ ઘટી રૂ.૧૪૮૯.૫ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૬૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૨૦.૫ વધી રૂ.૧૫૫૨૪ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૦૭ ઘટી રૂ.૪૨ના ભાવે બોલાયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫ પૈસા ઘટી રૂ.૩.૪૪ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૯ ઘટી રૂ.૪૯.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૮ ઘટી રૂ.૧૧.૩૫ના ભાવે બોલાયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૬ વધી રૂ.૧૯૮ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૭.૫ ઘટી રૂ.૧૭૦૪.૫ના ભાવે બોલાયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૯૪ વધી રૂ.૩૩.૨ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૫ પૈસા ઘટી રૂ.૧.૪ થયો હતો.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓને લઈ તમામ પક્ષના આહીર સમાજના નેતાઓએ બંધ બારણે ગુપ્ત બેઠક યોજી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં પાલિકા, મહાનગરપાલિકા અને જિલ્લા તેમજ તાલુકા પંચાયતોની ચુંટણીઓ ચાલુ મહિનામાં જ ગમે ત્યારે જાહેર થવાની શકયતા ધ્યાને લઈ ટીકીટ માટે વિવિધ સમાજ દ્વારા લોબીંગ શરૂ કરાયુ છે. તે તેમાં વધુ એક સમાજનો ઉમેરો થયો છે.

આહીર સમાજને પાલિકા પંચાયતોની ચુંટણીમાં યોગ્ય અને પુરતુ પ્રતિનિધિત્વ મળી રહે તે માટે સમાજના આગેવાનોએ એક બેઠક યોજી વ્યુહ રચના ઘડી કાઢી હતી. જો કે આ બેઠક અંગે કોઈપણ આગેવાનો મીડીયા સમક્ષ બોલવા તૈયાર થયા ન હતા. સૌથી આશ્ચર્યની વાત તો એ છે કે આ બેઠકમાં કોઈ એક પક્ષના નહી પરંતુ ભાજપ , કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સહિતની પાર્ટીઓના આગેવાનો તથા સામાજીક આગેવાનો, ઉદ્યોગપતિઓ વગેરે હાજર રહ્યા હતા અને તમામ પક્ષોમાં આહીર સમાજનુ પ્રતિનિધિત્વ કઈ રીતે વધે તે બાબતે ચર્ચા કરવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે બે દિવસ અગાઉ આહીર જામનગર રોડ પર આવેલા એક ખાનગી ફાર્મ હાઉસમાં સમાજના દિગ્ગજ નેતાઓની એક બેઠક બંધ બારણે યોજાઈ હતી. આ બેઠકમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ એક સાથે હાજર રહ્યા હતા. સુત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે ભાજપના વર્તમાન અને પુર્વ કોર્પોરેટરો, કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીના અગ્રણી નેતાઓ અને સમાજના ઉદ્યોગપતિઓ સાથે બંધ બારણે બેઠક મળી હતી. સામાન્ય રીતે ચુંટણી પૂર્વે કે કોઈ મોટા સામાજિક મુદ્દે આવી બેઠકો યોજાતી હોય છે. પરંતુ ભાજપના આગેવાનોના નિવાસસ્થાને વિરોધ પક્ષના નેતાઓની હાજરી કંઈક નવાજુની થવાના સંકેત આપી રહી છે.

સુત્રોના કહેવા પ્રમાણે આ બેઠકમાં રાજકોટ આહીર સમાજના વર્તમાન કોર્પોરેટરો , પૂર્વ કોર્પોરેટરો તેમજ સમાજના ઉદ્યોગપતિઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આગામી સમયમાં યોજાનાર રાજકોટ મહાનગરપાલિકાની ચુંટણી અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી.

# બગદાણામાં ન્યાયની માંગ સાથે કોળી સમાજ આક્રમક મુડમાંઃ ૧૫ મી તારીખે ૧૬ આગેવાનોની આત્મવિલોપનની ચીમકી



પ્રતિનિધિ,ગાંધીનગર

મહુવા તાલુકાના બગદાણા ગામે રહેતા કોળી સમાજના યુવક અને પૂર્વ સરપંચના પુત્ર નવનીતભાઈ બાલધીયા પર થયેલા જીવલેણ હુમલાના મામલે રાજયભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે. આ કેસમાં યોગ્ય ન્યાય નહી મળે તો આવતી કાલે તારીખ ૧૫ જાન્યુઆરીના રોજ બગદાણા ધામ ખાતે ૧૬ જેટલા કોળી આગેવાનોએ સામુહિક આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી છે. થોડા દિવસો અગાઉ બગદાણામાં નવનીતભાઈ પર પૂર્વ આયોજીત કાવતરૂ રચીને ઘાતક હુમલો કરવામાં આવ્યો હતો. જેનો વિડીયો સોશીયલ મીડીયામાં વાયરલ થતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે કોળી સમાજ એક જુથ થયો છે અને ગાંધીનગર સુધી રજુઆતો કરવામાં આવી છે. આ કેસની તપાસ માટે ભાવનગર રેન્જ આઈજી ગૌતમ પરમારની નીગરાણી હેઠળ સીટ ની રચના પણ કરવામાં આવી છે. સોશીયલ મીડીયામાં એક પોસ્ટ વાયરલ થઈ છે. જેમાં જણાવવામાં આવ્યુ છે કે જો ન્યાય નહી મળે તો આવતી કાલે તારીખ ૧૫ મી એ સવારે ૧૧ કલાકે બગદાણા મંદિર પાસે કોળી સમાજના ૧૬ આગેવાનો આત્મવિલોપન કરશે. આ યાદીમાં પરેશભાઈ મેર, ગીતાબેન મેર, અશોકભાઈ રાઠોડ, મુકેશભાઈ મેટલીયા અને રાજુભાઈ સોલંકી સહિતના અગ્રણીઓના નામ સામેલ છે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે હુમલાખોરોને પોલીસ રીમાન્ડ બાદ જેલ હવાલે તો કરાયા છે પરંતુ એસઆઈટી ની તપાસમાં જો કોઈ યોગ્ય ન્યાય નહી આવે તો અમે આત્મવિલોપન કરીશુ, અશોકભાઈ રાઠોડે આક્ષેપ કર્યો હતો કે આ કેસમાં રાજકીય નેતાઓનો હાથ હોય તેવુ જણાય છે અને તંત્ર દ્વારા કોળી સમાજનો અવાજ દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ હુમલાના કેસમાં પકડાયેલા ૮ આરોપીઓ નાજુ હિરાભાઈ કામળીયા, રાજુ દયવંતભાઈ બમ્મર અને અન્યોને રીમાન્ડ પુર્ણ થતા કોર્ટે જયુડીશીયલ કસ્ટડી મા મોકલવાનો આદેશ આપ્યો હતો. જો કે પોલીસ તપાસ ચાલુ હોવા છતાં સમાજમાં રોષ યથાવત છે.

# ગ્રામ્ય રોજગારીના અધિકાર પર ખતરોઃ કોંગ્રેસે રાજયવ્યાપી વિરોધ શરૂ કર્યો



પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસે ગ્રામીણ વિસ્તારના લોકોને રોજગારીનો કાયદાકીય અધિકાર આપ્યો હતો. એ અધિકાર છીનવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ગાંધીજીનુ નામ ભાજપે આ કાયદામાંથી બહાર કાઢવાનુ કામ કર્યુ છે અને વિકસિત ભારત ગેરન્ટી ફોર રોજગાર અને આજીવિકા મીશન ગ્રામિણ નામ કર્યુ છે. એમ ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ જણાવ્યુ હતું.

રોજગારનો અધિકાર છીનવીને હવે બજેટ આધારીત યોજના બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ગ્રામસભા અને પંચાયતોનો અધિકાર છીનવી ને હવે સેન્ટ્રલાઈઝ સરકાર કયા કામો કરવા તે નક્કી કરવાનો ફેરફારનો બદલાવ પણ સુચવવામાં આવ્યો છે. અગાઉ ૯૦:૧૦ નો રેશીયો હતો જેમાં બજેટમાં ૯૦ ટકા કેન્દ્ર અને ૧૦ ટકા રકમ રાજય સરકાર એમાં ફેરફાર કરીને હવે ૬૦ ટકા રકમ કેન્દ્ર અને ૪૦ ટકા રાજય સરકારે ભોગવવાની રહેશે. કોઈપણ રાજય સરકારની સંમત્તિ વગર આ રેશિયો નક્કી કર્યો છે. અમુક રાજયોની આર્થિક સ્થિતિ સારી ન હોવાના કારણે જો ૪૦ ટકા બજેટ ફાળવી શકાશે નહી તો ગ્રામ્ય વિસ્તારના લોકોની રોજગારી નો અધિકાર છીનવાઈ જશે. ખેતીની સીઝનમાં ૬૦ દિવસ કામ નહી માગી શકાય, જયારે કોંગ્રેસના સમયમાં આખા વરસમાં કામ મળતુ, સરકાર ૧૨૫ દિવસ રોજગારીની વાતો કરે છે પરંતુ અમુક વરસોના ડેટાના અભ્યાસ પરથી જાણવા મળે છે કે એવરેજ ૪૨ થી ૪૬ દિવસની રોજગારી મળી છે. વાસ્તવિકતા એ છે કે આ સરકાર ૧૨૫ દિવસ રોજગારની વાતો કરે છે પરંતુ ૧૦૦ દિવસનો રોજગાર પણ આપી નથી શકતી.

મનરેગા મુળ કાયદાને પુનઃ સ્થાપિત કરવામાં આવે એવી માંગ છે અને સરકારે કાયદામાં ફેરફાર કરવા હતા તો લઘુત્તમ વેતનમાં સુધારો કરવો જોઈતો હતો પણ ભાજપ એકતરફી રીતે સુધારો લાવીને આખા દેશ પર થોપવાનો પ્રયાસ કરે છે. એનો આખા દેશમાં કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. આંદોલનના માધ્યમથી આખા દેશમાં કોંગ્રેસના કાર્યકરો મનરેગા બચાવો તરફ જઈ રહ્યા છે. ગુજરાતમાં પણ ૧૦ જાન્યુઆરીથી શરૂ કરી છે અને ૨૫ ફેબ્રુઆરી સુધી આખા ગુજરાતના દરેક ગામમાં જઈને આ કાયદાના સ્વરૂપને યોજનામાં ફેરવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. એના વિરોધમાં ગ્રામસભામાં ઠરાવો કરાવવામાં આવશે. તેમજ લોકોને જાગૃત કરવામાં આવશે. આગામી વિધાનસભા સત્રમાં વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ પણ કરવામાં આવશે.

# વિધાનસભા સત્ર ને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વિધાનસભામાં નવા ઉપાધ્યક્ષ કોણ?

## દક્ષિણ ગુજરાતના ઓબીસી નેતાનુ નામ મોખરેઃ બજેટસત્રમાં થશે નિર્ણય



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાનુ આગામી બજેટસત્ર તોફાની બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. પરંતુ તે પહેલા વિધાનસભાના ઉપાધ્યક્ષ પદ માટેની રાજકીય ગતિવિધીઓ તેજ બની ગઈ છે. જેઠા ભરવાડે અંગત વ્યસ્તતાના કારણોસર રાજીનામુ આપ્યા બાદ ખાલી પડેલા આ મહત્વના પદ માટે ચુંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

સુત્રોના જણાવ્યા અનુસાર બજેટસત્રના કામકાજના પ્રથમ દિવસે જ આ ચુંટણી પ્રક્રિયા યોજાઈ શકે છે. રાજકીય વર્તુળોમાં ચાલી રહેલી ચર્ચા મુજબ આ વખતે સત્તાધારી પક્ષ ભારતીય જનતા પાર્ટી પ્રાદેશિક અને જ્ઞાતિગત સમીકરણો સાધવાનો પ્રયાસ કરશે. જેઠા ભરવાડ મધ્ય ગુજરાતનુ પ્રતિનિધિત્વ કરતા હતા તેથી હવે તેમનુ સ્થાન ભરવા માટે દક્ષિણ ગુજરાતના કોઈ મજબુત ચહેરાને તક આપવામાં આવે તેવી પ્રબળ શકયતા છે. ખાસ કરીને પક્ષ દ્વારા ઓબીસી સમાજના નેતા પર પસંદગી ઉતારવામાં આવી શકે છે. જે ધારાસભ્યો ૨ કે ૩ ટર્મ થી ચુંટાઈને આવતા હોય અને સંસદીય પ્રણાલીનો અનુભવ ધરાવતા હોય તેવા દક્ષિણ ગુજરાતના ઓબીસી ધારાસભ્ય આ રેસમાં સૌથી આગળ માનવામાં આવે છે. વિધાનસભાના નિયમો મુજબ ઉપાધ્યક્ષ પદ માટે ઉમેદવારી ફોર્મ ભરવામાં આવશે અને જો જરૂર પડે તો ચુંટણી યોજવામાં આવશે. પરંતુ વર્તમાન વિધાનસભામાં સંખ્યાબળનુ ગણિત જોતા ચુંટણીની શકયતા નહીવત છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પાસે વિધાનસભામાં પોતાના ઉમેદવારને જીતાડવા માટે જરૂરી સંખ્યાબળ નથી. જો વિપક્ષ તરફથી કોઈ ફોર્મ ભરવામાં ન આવે તો ભાજપના ઉમેદવારની સીધી નિમણુંક કરવામાં આવશે તે નિશ્ચિત મનાય છે. જેઠા ભરવાડે અગાઉ પોતાની વ્યસ્તતાનુ કારણ આગળ ધરીને સ્વેચ્છાએ ઉપાધ્યક્ષ પદેથી રાજીનામુ આપ્યુ હતું. હવે આગામી સત્રમાં નવા ઉપાધ્યક્ષ કોણ બને છે અને દક્ષિણ ગુજરાતમાંથી કોનુ નસીબ ખીલે છે તેના પર સૌની નજર રહેલી છે.

# રેલવે વહીવટીતંત્ર દ્વારા જનતાને પાટા ઉપર લાગેલા હાઈ વોલ્ટેજ તારોથી સાવચેત રહેવાની અપીલ




રેલવે વહીવટીતંત્ર દ્વારા સર્વસાધારણને જાણ કરવામાં આવે છે કે ભાવનગર રેલવે મંડળના તમામ રેલ ખંડોમાં રેલવે લાઈનો ઉપર ૨૫,૦૦૦ વોલ્ટની ઓવરહેડ ઈલેક્ટ્રિક (OHE) તારાઓ લગાવવામાં આવેલ છે, જે અત્યંત જોખમી છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે છેલ્લા કેટલાક દિવસોમાં જોવા મળ્યું છે કે પતંગ ઉડાવતી વખતે તેની દોર ૨૫,૦૦૦ વોલ્ટની OHE તારોંમાં ફસાઈ જાય છે. આવી પરિસ્થિતિ રેલવે કર્મચારીઓ તેમજ સામાન્ય નાગરિકો માટે ગંભીર જોખમ ઊભું કરે છે. ટ્રેક પર ફરજ પર રહેલા કર્મચારીઓને ખાસ સાવચેતી રાખવા અને કોઈપણ પરિસ્થિતિમાં પતંગની દોરના સંપર્કમાં ન આવવા અપીલ કરવામાં આવી છે, કારણ કે તેમાં વીજપ્રવાહ લાગવાનો ગંભીર ખતરો રહેલો છે. આ ઉપરાંત, એવું પણ ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક નાગરિકો રેલવે ટ્રેકની નજીક પતંગ ઉડાવે છે અને OHE તારમાં ફસાયેલ પતંગ કાઢવાનો પ્રયાસ કરે છે, જે જીવલેણ સાબિત થઈ શકે છે.

ભાવનગર મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ તમામ નાગરિકોને વિનંતી કરી છે કે તેઓ રેલવે પાટા નજીક પતંગ ઉડાવવાથી બચો અને રેલવેના હાઈ વોલ્ટેજ ટ્રેક્શન તારોંથી કોઈપણ વસ્તુ કાઢવાનો પ્રયાસ ન કરો. તેમણે સામાજિક હિતમાં આ મહત્વપૂર્ણ સંરક્ષા સંદેશને વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવાની પણ અપીલ કરી છે. રેલવે વહીવટીતંત્ર જનતાની સંરક્ષા માટે પ્રતિબદ્ધ છે અને સહકારની અપેક્ષા રાખે છે.

### પાંચેક વર્ષ પૂર્વે ઢસા ગામે બનેલા ચકચારી કેસમાં ચુકાદો

# પત્નીને પાણીના હોજમાં ડૂબાડી મોતને ઘાટ ઉતારી દેનાર પતિને આજીવન કેદ

(સંપૂર્ણ સમાચાર સેવા)બોટાદ

ગઢડા તાલુકાના ઢસા ગામે પાંચેક વર્ષ પૂર્વે પત્નીને પાણીના હોજમાં ડૂબાડી મોતને ઘાટ ઉતારી દેનાર પતિને આજીવન કેદની સજાનો કોર્ટે હુકમ કર્યો છે.બોટાદમાં રહેતા અહેમદભાઈ હારૂનભાઈ ગેલેરિયાના બહેન સુફિયાબેનના વર્ષ ૨૦૦૮માં ઢસા ગામે રહેતો આશીફ કાદરભાઈ હુનાણી નામના શખ્સ સાથે નિકાહ થયા હતા. લગ્ન બાદથી જ શખ્સ તેની પત્ની ઉપર શંકા-કુશંકા કરી શારીરિક-માનસિક ત્રાસ ગુજારતો હોય, દરમિયાનમાં ગત તા.૨૦-૨-૨૦૨૧ના રોજ આશીફે ઉશ્કેરાઈ જઈ સુફિયાબેનને ઘરના ફળિયામાં આવેલ પાણીના હોજમાં પાટું મારી પાડી દઈ બાદમાં ગળું પકડી ડૂબાડી હત્યા કરી નાંખી હતી. જે બનાવ અંગે અહેમદભાઈએ ઢસા પોલીસમાં આશીફ હુનાણી સામે ગુનો દાખલ કરાવ્યો હતો. આ અંગેનો કેસ બોટાદ ડિસ્ટ્રીક્ટ એન્ડ સેશન્જ જજ મનીષસહાય જે. પરાસરની કોર્ટમાં ચાલી જતાં જિલ્લા સરકારી વકીલ કે.એમ. મકવાણાની ધારદાર દલીલો-રજૂઆતો તેમજ ફરિયાદી પક્ષે ૧૦ સાક્ષીની તપાસ, ૨૬ દસ્તાવેજી પુરાવા વગેરેને ગ્રાહ્ય રાખી કોર્ટે હત્યારા આરોપી આશીફ કાદરભાઈ હુનાણીને કસુરવાન ઠેરવી આજીવન કેદની સજા અને દંડનો હુકમ ફરમાવેલ છે.


**પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ**

**ઈ-ટેન્ડર સૂચના**

ભારત સંઘના પ્રમુખ વતી અને તેમના વતી, પશ્ચિમ રેલ્વેના વરિષ્ઠ વિભાગીય ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન, રતલામ. નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: ટેન્ડર નંબર: EL/TRD/58/2025-26/20, તારીખ: 09.01.2026. કામનું નામ: રતલામ વિભાગમાં ઓવરએજ PSI સંપત્તિના રિપ્લેસમેન્ટ દ્વારા વધારો/સુધારણા. કામની અંદાજિત કિંમત: રૂ. 3,32,60,566.00/-. અર્નેસ્ટ મની ડિપોઝિટ/બિડ સિક્યોરિટી: રૂ. 3,16,300.00/-. પૂર્ણતા સમયગાળો: 18 મહિના. ટેન્ડર દસ્તાવેજની કિંમત: કોઈ નહીં. સમાપ્તિ તારીખ અને સમય: તારીખ 03.02.2026 ના 15:00 કલાક સુધી. ઓફરની માન્યતા: ખુલવાની તારીખથી 60 દિવસ. વેબસાઇટની વિગતો: www.ireps.gov.in નોટિસ બોર્ડ સ્થાન: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર ની ઓફિસની સામે (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન), પશ્ચિમ રેલ્વે, રતલામ-457001.

DE/13/1/403

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# વડાપ્રધાનની ડીગ્રી મામલે ગુજરાત હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલની અલગ ટ્રાયલની માંગ ફગાવી

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાત હાઈકોર્ટે આજે મંગળવારે આમ આદમી પાર્ટીના કન્વીનર અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મોટો ઝટકો આપ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શૈક્ષણિક ડીગ્રી અંગે કરવામાં આવેલી કથિત ટીપ્પણી બદલ ગુજરાત યુનિર્વસિટી દ્વારા દાખલ કરવામાં આવેલા ગુન્હાહીત બદનક્ષી કેસમાં કેજરીવાલે અન્ય આરોપી સંજયસિંહ થી અલગ ટ્રાયલ ચલાવવાની માંગ કરી હતી. જેને હાઈકોર્ટે ફગાવી દીધી છે. જસ્ટીસ એમઆર મેંગડે એ આ કેસમાં પોતાનો ચુકાદો સંભળાવતા કેજરીવાલ ની અરજી નકારી કાઢી હતી, અત્રે ઉલ્લેખનીય છે કે હાઈકોર્ટે ગયા મહિને આ મામલે સુનાવણી પૂર્ણ કરી પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. હવે કોર્ટના આદેશનુ વિગતવાર નકલની પ્રતિક્ષા આવી રહી છે.

આ કેસની વિગત એવી છે કે અરવિંદ કેજરીવાલે અમદાવાદની સીટી સેશન્સ કોર્ટ માં ૧૫ ડીસેમ્બર ૨૦૨૫ ના આદેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો. સેશન્સ કોર્ટે મેજીસ્ટ્રેટ કોર્ટના તે નિર્ણયને માન્ય રાખ્યો હતો. જેમાં કેજરીવાલ અને સંજયસિંહ ની ટ્રાયલ અલગ કરવાની અરજી ફગાવી દેવામાં આવી હતી. કેજરીવાલના વકીલોએ દલીલ કરી હતી કે બંને આરોપીઓ સામેના આક્ષેપો અને ઘટનાની તારીખો અલગ અલગ છે. વળી સોશીયલ મીડીયા પર જે વિડીયો અપલોડ કરવામાં આવ્યા છે તે પણ અલગ ટવીટર હેન્ડલ પરથી થયા છે તેથી બંને સામે સંયુકત રીતે કેસ ચલાવવો ન્યાયપૂર્ણ નથી. જો કે નીચલી અદાલતોએ આ દલીલો નકારી કાઢી હતી. સેશન્સ કોર્ટે સીઆરપીસીની કલમ ૨૨૩ નો હવાલો આપતા અવલોકન કર્યુ હતુ કે કેજરીવાલ અને સંજયસિંહ એક જ રાજકીય પક્ષના હોદ્દેદારો છે અને તેમણે ૧ તથા ૨ એપ્રિલ ૨૦૨૩ ના રોજ ઉપરાઉપરી પ્રેસ કોન્ફરન્સ કરીને ગુજરાત યુનિર્વસિટીની છબી ખરડાય તેવી ભાષાનો ઉપયોગ કર્યો હતો. અદાલતે નોંધ્યુ હતુ કે બંને નેતાઓ એક જ ઉદેશ થી પ્રેરાઈને કામ કરી રહ્યા હતા અને તેમની ક્રિયાઓમાં સાતત્ય જણાતુ હોવાથી આ એક જ ટ્રાન્ઝેકશનનો ભાગ ગણાય જેના કારણે સંયુકત ટ્રાયલ જરૂરી છે. સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ હતી જયારે ૨૦૨૩ માં ગુજરાત હાઈકોર્ટે સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશન (સીઆઈસી) ના તે આદેશને રદ કર્યો હતો. જેમાં ગુજરાત યુનિર્વસિટીને વડાપ્રધાન મોદીની ડીગ્રીની વિગતો આપવા જણાવાયુ હતું. આ ચુકાદા બાદ કેજરીવાલ અને સંજયસિંહે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેના આધારે ગુજરાત યુનિર્વસિટીના રજીસ્ટ્રાર પીયુષ પટેલે બંને નેતાઓ સામે માનહાનીની ફરીયાદ નોંધાવી હતી.

## વાઈબ્રન્ટ ગુજરાત; 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝન અંતર્ગત દેશમાં ૩૫૦ એરપોર્ટના નિર્માણનું AAIનું લક્ષ્ય

નવી દિલ્હી, ૧૩ જાન્યુઆરી




એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ અંતર્ગત મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ એક્ઝીબીશનમાં ભાગ લઈ રહ્યું છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને વેગ આપવા માટે એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા હાથ ધરવામાં આવી રહેલા પ્રયાસોની એવી ઝલક AAIના પેવેલિયનમાં મૂકવામાં આવી છે. યુવાપેઢી ભારતના એવિએશન ક્ષેત્રથી માહિતગાર થાય તેમ જ તેમાં રૂચી ધરાવતી થાય તે માટે ખાસ એવિએશનમાં કારકિર્દી માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ વિકાસ કરી રહ્યો છે. ખાસ કરીને એવિએશન ક્ષેત્રમાં જ્યાં ૨૦૧૪માં માત્ર ૭૪ એરપોર્ટ કાર્યરત હતા જેની સંખ્યા ૨૦૨૫માં ૧૬૪ પર પહોંચી ગઈ છે અને પ્રધાનમંત્રી શ્રીના વિઝનને ધ્યાનમાં રાખીને ૨૦૪૭ સુધીમાં ૩૫૦-૪૦૦ એરપોર્ટના નિર્માણનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. એટલું જ નહીં એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દેશભરમાં એર કનેક્ટિવિટી વધારવાનું તેમજ સુલભ અને આધુનિક એરપોર્ટના સંચાલનનું મિશન ધરાવે છે.

આજની યુવા પેઢી ભારતનું ભવિષ્ય છે અને આ જ વાતને ધ્યાનમાં રાખીને એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ એક્ઝીબીશનમાં એવિએશનમાં ઉપલબ્ધ કારકિર્દીને લગતી સંભાવનાઓ વિષે યુવાઓ તેમજ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. એવિએશન ક્ષેત્રમાં રહેલાં ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં લઈને વિદ્યાર્થીઓમાં રૂચી જાગે અને પ્રધાનમંત્રી શ્રીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના વિઝનને સાકાર કરવામાં તેઓ પણ ભાગીદાર બને તેવા સંપૂર્ણ પ્રયાસ હાથ ધરવામાં આવી રહ્યા છે.

એરપોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના પેવેલિયનમાં એરપોર્ટ જેવો જ માહોલ ઉભો કરવામાં આવ્યો છે. એરપોર્ટની જેમ જ પેવેલિયનમાં રન-વેની પ્રતિકૃતિ પણ મૂકવામાં આવી છે. એટલું જ નહીં વિદ્યાર્થીઓ માટે આ ખાસ ક્વિઝ, સેલ્ફી પોઈન્ટ પણ રાખવામાં આવ્યા છે. જે વિદ્યાર્થીઓને મનોરંજન જ નહીં પણ માહિતી પણ પૂરી પાડશે. આ ઉપરાંત એર ટ્રાફિક કન્ટ્રોલ કે જે આકાશમાં વિમાનોનું સંચાલન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે તેમની કામગીરી વિષે પણ માહિતી આપવામાં આવી રહી છે. તેના સિવાય પણ એવિએશન ક્ષેત્રના વિવિધ વિભાગો જેવા કે ફાયર, એન્જિનીયરીંગ, ફાયનાન્સ અને એચઆરમાં રહેલી અનંત સંભાવનાઓ વિષે પણ યુવાઓ તથા વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કરવામાં આવી રહ્યું છે, તે ઉપરાંત આપણા ભારત દેશને એક કરવામાં જેમણે મહત્ત્વનો ફાળો આપ્યો એવા ભારતના લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પણ મૂકવામાં આવી છે. રાષ્ટ્રગીત વંદેમાતરમને ૧૫૦ વર્ષ પૂરા જવાની ઉજવણીના ભાગ રૂપે પેવેલિયનમાં આવતાં વિદ્યાર્થીઓ, યુવાઓ અને મહાનુભાવો દ્વારા તેનું ગાન કરીને ભારતીય હોવાનું ગૌરવ લઈ રહ્યા છે. ૧૫ જાન્યુઆરી સુધી મારવાડી યુનિવર્સિટીમાં યોજાઈ રહેલાં વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ એક્ઝીબીશનમાં સૌ વિદ્યાર્થીઓ, યુવાઓ મુલાકાત લે તેવું ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવે છે.

### ગુજરાત પોલીસની મહત્વની પહેલ: ડ્રગ્સ અંગે બાતમી આપવા માટે વોટ્સએપ નંબર જાહેર

## હવે કોઈ પણ નાગરિક ડ્રગ્સ સંબંધિત માહિતી આપવા માટે ANTF ગુજરાત વોટ્સએપ નંબર: ૯૯૦૪૦ ૦૧૯૦૮ ઉપર સંપર્ક કરી શકશે

**ડ્રગ્સની હેરાફેરી, વેચાણ કે અન્ય શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે માહિતી આપનાર નાગરિકનું નામ અને વિગતો સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત પોલીસ દ્વારા રાજ્યને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે રીતસરની જંગ છેડવામાં આવી છે ત્યારે ડ્રગ્સ માફીયાઓ સામે કડક હાથે કામગીરી કરવા ગુજરાત પોલીસમાં ડેડિકેટેડ નાર્કોટિક્સ કેસને લગતી કાર્યવાહી કરવા માટે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) બનાવવામાં આવી છે. આ લડાઈને વધુ વેગ આપવા અને સામાન્ય જનતા સરળતાથી ડ્રગ્સ માફિયાઓ વિરુદ્ધ માહિતી આપી શકે તે માટે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ (ANTF) દ્વારા સત્તાવાર વોટ્સએપ નંબર જાહેર કરવામાં આવ્યો છે. હવે કોઈ પણ નાગરિક ડ્રગ્સ સંબંધિત માહિતી આપવા માટે ANTF ગુજરાત વોટ્સએપ નંબર: ૯૯૦૪૦ ૦૧૯૦૮ ઉપર સંપર્ક કરી શકશે. તે ઉપરાંત નાર્કોટિક્સ હેલ્પલાઈન નંબર ૧૯૦૮ ઉપર પણ નાગરિકો કોલ કરી શકે છે. ગુજરાત પોલીસ દ્વારા ખાતરી આપવામાં આવે છે કે, આ નંબર પર ડ્રગ્સની હેરાફેરી, વેચાણ કે અન્ય શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે માહિતી આપનાર નાગરિકનું નામ અને વિગતો સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે. તમારી એક નાનકડી માહિતી ગુજરાતના યુવાધનને બચાવવા માટે મોટું યોગદાન આપી શકે છે. ANTF ગુજરાત પોલીસ ડ્રગ્સ ટ્રાફિકિંગ રોકવા, શૈક્ષણિક સંસ્થાઓમાં જાગૃતિ લાવવા અને નશાની લત છોડાવવા માટે સતત કાર્યરત છે. આ ઝુંબેશમાં જોડાવા માટે સોશિયલ મીડિયાના ફેસબુક પ્લેટફોર્મ પર antfgujarat, X (ટ્વિટર) પ્લેટફોર્મ પર @antfgujarat અને ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ પર @antf_gujaratને ફોલો કરવા પણ વિનંતી કરવામાં આવી છે.

# અમદાવાદના કોટ વિસ્તારમાં ઉત્તરાયણનો ક્રેઝ: ધાબાનુ ભાડુ ૫ થી ૩૦ હજાર બોલાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર



દેશ વિદેશથી લોકો ઉત્તરાયણ મનાવવા અમદાવાદ આવતા હોય છે : નાસ્તો, જમવાનુ હાઈ ટી નુ પેકેજ

અમદાવાદના કોટ વિસ્તારમાં ઉત્તરાયણના બે દિવસ ધાબા થયા હાઉસફુલ રૂપીયા ૫ થી લઈ ૩૦ હજાર સુધીનુ ભાડુ બોલાઈ રહ્યુ છે, ઉત્તરાયણ પર્વ ને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે ઉત્તરાયણ પર્વ ને મનાવવા લોકો દેશ વિદેશથી પણ આવતા હોય છે. અમદાવાદના કોટ વિસ્તારની ઉત્તરાયણ હરહંમેશ માટે યાદગાર બની ગઈ છે અને અત્યારે પણ બહારના વિસ્તારોમાથી લોકો ઉત્તરાયણપર્વની ઉજવણી કરવા માટે કોટ વિસ્તારમાં રાયપુર વિસ્તારમાં સૌથી વધારે ભાવ ધાબાનો ભાવ રહેતો હોય છે.

ઉત્તરાયણ પર્વએ સૌને ગમતુ પર્વ છે અને આ પર્વમાં લોકો વહેલી સવાર થી ધાબે જઈને પતંગ ચગાવતા હોય છે. પરંતુ અમદાવાદના કોટ વિસ્તારની ઉત્તરાયણ સૌ કોઈ માટે મહત્વની હોય છે. કારણ કે પોળોમાં ધાબા અને ઘર એક બીજા સાથે કનેકટેડ હોય છે, જેના કારણે વહેલી સવાર થી મોડી સાંજ સુધી તમને પતંગ ચગાવતા રસીયાઓ જોવા મળે છે. અમદાવાદના કોટ વિસ્તારમાં સૌથી વધારે રાયપુરમાં જે લોકોના મકાનો પોળ માં આવેલા છે અને જે લોકો બહાર રહેતા હોય છે તે લોકો ભાડે ધાબા રાખતા હોય છે, અને બે દિવસના ભાડા ચુકવતા હોય છે. અમદાવાદના કોટ વિસ્તારમાં રાયપુર, ઢાળની પોળ, રાયપુર ચકલાની પોળો, સહિતની પોળોમાં પતંગ રસીયાઓ પતંગ ચગાવવા માટે આવતા હોય છે. ત્યારે બે દિવસનુ ભાડુ રૂપીયા ૫ થી લઈ ૩૫ હજાર સુધી ચુકવતા હોય છે.

એડવાન્સમાં ભાડુ આપવાનુ રહે છે અને ત્યારબાદ મકાન માલીક તમને ચાવી આપતા હોય છે, ત્યારે બે દિવસના ભાડામાં તમારે તે ઘરમાં રાત્રી રોકાણ કરવુ હોય તો પણ કરી શકો છો.

ઉત્તરાયણમાં પતંગ ચગાવવાની સાથે ખાવાની પણ મોજ ગુજરાતીઓ માણતા હોય છે. એટલે તેના માટે પણ ખાસ અલગ થી પેકેજ રાખવામાં આવતુ હોય છે.

જેમાં તમને સવારનો નાસ્તો, બપોરનુ જમવાનુ, હાઈ ટી અને સાંજનુ જમવાનુ પણ આપવામાં આવતુ હોય છે. એટલે કે વ્યકિત દીઠ તેમાં ૫૦૦ રૂપીયા ગણવામાં આવતા હોય છે. અમદાવાદના જમાલપુરમા ઉત્તરાયણ પહેલા અનોખો વિશાળકાય પતંગ પણ તૈયાર કરવામાં આવતો હોય છે.

ઉત્તરાયણ દિવસે આવી રીતે એક દિવસ ભાડે આપવાથી સ્થાનિક લોકોમાં એક પ્રકારનુ રોજગારીનુ સર્જન થયુ છે અનેક જગ્યાએ જમવા સાથેના પેકેજ આપવામાં આવે છે. જેમાં પતંગ ચગાવનારને અને તમામ પ્રકારની સુવિધાઓ આપવામા આવે છે અને તેમાં પણ ફુલ ડે અને હાફ ડે પ્રમાણે પેકેજ નકકી કરવામાં આવતા હોય છે અને છેલ્લા કેટલાક વરસોથી આ ધાબા ભાડે આપવાનુ ચલણ વધુ હોવાથી પોળ માં રહેતા મધ્યમવર્ગના લોકો માટે રોજગારીનુ સર્જન થયુ છે.

# સુરેન્દ્રનગરમાં પિતાની મિલ્કત પચાવી પાડેલ સાવકી મા સામે દિકરીએ મોરચો માંડયો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




સુરેન્દ્રનગર જિલ્લામાં એક દિકરીએ પોતાની સાવકી મા સામે મિલ્કત હડપી લેવાનો ગંભીર આક્ષેપ મુકતા ચકચાર મચી જવા પામી છે. ધ્રાંગ્રધા ની રહેવાસી શ્વેતા શાહ નામની યુવતિએ જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ ને રૂબરૂ મળીને લેખિત રજુઆત કરી છે. શ્વેતાનો આક્ષેપ છે કે તેના પિતાના અવસાન બાદ તેમની કિંમતી મિલ્કત પર તેની સાવકી માતા અલ્પા શાહે ગેરકાયદેસર રીતે કબ્જો જમાવી દીધો છે. દિકરીએ જિલ્લા પોલીસવડા સમક્ષ આજીજી કરી છે કે તેને તેના હક્ક ની મિલ્કત પાછી અપાવવામાં આવે અને અન્યાય કરનારાઓ સામે કડક પગલા લેવામાં આવે.

રજુઆતમાં દિકરીએ માત્ર સાવકી માતા જ નહી પરંતુ પોતાના કાકા અને સાવકા મામા વિરૂધ્ધ પણ ગંભીર આક્ષેપો કર્યા છે. શ્વેતાના જણાવ્યા મુજબ આ લોકોએ એક સંપ થઈને કાવતરૂ રચી તેના પિતાની મિલ્કત પચાવી પાડી છે અને તેને રઝડતી કરી દીધી છે. તેણે સાવકી માતા અલ્પા શાહ સહિત અન્ય સંડોવાયેલા સંબંધીઓ વિરૂધ્ધ તાત્કાલીક પોલીસ ફરીયાદ દાખલ કરવાની માંગ કરી છે. જિલ્લા પોલીસવડાએ આ મામલે તપાસના આદેશ આપી યોગ્ય કાર્યવાહી કરવાની ખાત્રી આપી છે. હાલમાં આ કૌટુંબિક વિવાદ સમગ્ર પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે.

## મગફળીના નાણાં મુદ્દે કિસાન કોંગ્રેસના ચેરમેન પાલ આંબલીયાનો કૃષિ મંત્રીને પત્ર: આંબલીયાએ કૃષિ મંત્રીને ૭ દિવસનુ અલ્ટીમેટમ આપ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર



કિસાન કોંગ્રેસના ચેરમેન પાલભાઈ આંબલીયાએ ગુજરાત સરકારના કૃષિ મંત્રી જીતુ વાઘાણીને પત્ર લખ્યો છે. જેમાં ખેડુતોએ ટેકાના ભાવે વેચેલી મગફળીના હજુ રૂપીયા મળ્યા ન હોવાની ફરીયાદ કરી છે. આ સાથે જ તેમણે કૃષિ મંત્રીને પોતાનો ૭ દિવસમાં રૂપીયા મળવાનો વાયદો યાદ કરાવીને તાત્કાલીક રૂપીયા ચુકવવા રજુઆત કરી છે. પાલભાઈ આંબલીયાએ પોતાના પત્રમા જણાવ્યુ હતુ કે ગુજરાતમાં ગત વરસે ટેકાના ભાવે પ્રતિ ખેડુત ૨૦૦ મણ મગફળીની ખરીદી કરવામાં આવતી હતી. જેને રાજય સરકારે ઘટાડીને ૧૨૫ મણ કરી દીધી છે. જયારે સરકારે ટેકાના ભાવે ખરીદી ની જાહેરાત કરી ત્યારે કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જાહેરાત કરી હતી કે ખેડુતો ટેકાના ભાવે મગફળી આપશે તેના સાતમાં દિવસે મગફળીના રૂપીયા ખેડુતોના ખાતામાં જમા થઈ જશે. અત્યારે ગુજરાતભરના એક લાખ કરતા વધારે ખેડુતો છે, જેઓને મગફળી ટેકાના કેન્દ્રમાં વેચી આવ્યા અને એને એક મહિનાથી દોઢ મહિનો થઈ ગયો તેમ છતાં હજુ સુધી રૂપીયા આવ્યા નથી. દેવભુમિ દ્વારકા જિલ્લા કોંગ્રેસ સમિતી પાસે અને ગુજરાત કિસાન કોંગ્રેસ પાસે આવેલી ફરીયાદના આધારે તપાસ કરતા ખબર પડી કે જયારે ખેડુતો ટેકાના કેન્દ્ર પર મગફળી આપે ત્યારબાદ આ મગફળી ગોડાઉનમાં જાય છે અને ગોડાઉનવાળા એક રીસીપ્ટ આપે છે, જેને ડબલ્યુ એચઆર (વેરહાઉસ રીસીપ્ટ) કહે છે. આ રીસીપ્ટ સરકાર / નાફેડના પોર્ટલ પર અપલોડ કરવાની હોય છે. આ અપલોડ કરવાનુ કામ પહેલા જે તે ટેકાના કેન્દ્ર સંચાલકો કરતા હતા, હવે એને અપલોડ કરવાનુ કામ વેર હાઉસ વાળાઓએ કરવાનુ હોય છે એવુ નકકી થયુ હતું. હવે એ ફરી પાછા ટેકાના કેન્દ્ર સંચાલકો કરશે અને એમાં પણ જાણવા મળ્યુ કે સરકાર / નાફેડનુ પોર્ટલ કામ કરતુ નથી. એટલે મોડુ થાય છે. ખેડુતોની મગફળી ટેકાના કેન્દ્ર પર સરકારે નકકી કરેલ અલગ અલગ ૮ ગુણવત્તાના ધોરણોમાંથી પસાર થઈ જઈ તમે મગફળી લઈ લીધી એનુ બીલ આપી દીધુ પછી ૭ દિવસમાં રૂપીયા આપવાની જવાબદારી સરકારની છે, સરકારમાં કોણ પહોચ અપલોડ કરશે, સરકારનુ પોર્ટલ કામ કરે છે કે નહી એનાથી ખેડુતોને મતલબ જ નથી, જયારે કૃષિ મંત્રીએ કહ્યુ હતુ કે ૭ દિવસમાં ખેડુતોને રૂપીયા મળવા જોઈએ, તો કેમ દોઢ મહિના સુધી રૂપીયા મળ્યા નથી. અમારી એક જ માંગ છે કે જેટલા ખેડુતોના રૂપીયા બાકી છે તેમને તાત્કાલીક ૭ દિવસમાં નાણાં ચુકવાઈ જાય, જો આમ નહી થાય તો ખેડુતોને સાથે રાખીને લડત ચલાવવાની ફરજ પડશે.

## સીંગતેલના ભડકે બળતા ભાવ: સીંગતેલમાં મોંઘવારી વધી: ચાર દિવસમાં ડબ્બે ૧૨૦ નો વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં મગફળીનુ ઉત્પાદન વર્ષ ૨૦૨૨-૨૩ માં ૪૬.૪૫ લાખ ટન, ગત વરસે ૨૦૨૪-૨૫ માં વધીને ૫૨.૫૦ લાખ ટન અને ચાલુ વરસે સત્તાવાર અંદાજ મુજબ ૬૬ લાખ ટનનુ વિક્રમજનક પાક થયો છે, અને આ સામે એટલી સ્થાનિક માંગ વધી નથી, પુરવઠો એક દિવસમાં બે-બે લાખ મણ એક રાજકોટ માર્કેટયાર્ડ ઠલવાય છે છતાં સીંગતેલના ભાવમાં અંદાજે આજે રૂપીયા ૩૦ સહિત ચાર દિવસમાં ૧૨૦ નો વધારો ઝીંકી દેતા ગૃહિણીઓને રસોઈ માટેનુ તેલ પ્રતિકિલો રૂપીયા ૮ મોઘુ થયુ છે. ગત બુધવારે જ ભાવ વધીને પ્રતિ ૧૫ કિલો સીંગતેલ ડબાના રૂપીયા ૨૫૬૫ થી વધીને ૨૬૧૫ થયા હતા. તો બીજી તરફ ગુરૂવારે રૂપીયા ૨૦ નો વધારો થયો હતો. જયારે શુક્રવારે ૪૦ નો અને શનિવારે ફરી રૂપીયા ૨૦ નો અને રવિવારની રજા બાદ સોમવારે ફરી ૩૦ રૂપીયાનો વધારો થયો હતો. એમ ચાર દિવસમાં જ ડબ્બે રૂપીયા ૧૨૦ નો વધારો કરી દેતા પ્રતિ કિલો તેલ ચાર દિવસમાં જ ૮ રૂપીયા મોંઘુ થયુ છે. વેપારી સુત્રોએ જણાવ્યુ હતુ કે દિવાળી પછી ભાવ ઓછા હતા પરંતુ પછી વધારો થતો રહ્યો છે. વેચાણમાં મોટો ઉછાળો નથી. માંગ રાબેતા મુજબ છે, સીંગતેલ મોંઘુ થતા વેચાઉ ફરસાણ માટે હવે કપાસીયા તેલનો વપરાશ ફરી વધવા લાગ્યો છે. કારણ કે થોડા સમય અગાઉ કપાસીયાની સાપેક્ષે સીંગતેલ માત્ર રૂપીયા ૫૦ થી ૧૦૦ મોંઘુ હતુ તે હવે રૂપીયા ૪૮૫ મોંઘુ થયુ છે.

આ ભાવવધારો જો કે નાણાં વાળા નેતાઓને નળતો નથી. પરંતુ આજે પણ લાખો લોકો સરકારી મફત અનાજ પર નિર્ભર છે અને તેમને પ્રતિ કિલોએ ચાર દિવસમાં ૮ નો વધારો વધુ લાગે તે સ્વભાવિક છે. તો બીજી તરફ કપાસીયાના ભાવ એકંદરે સ્થિર કહે છે કે આંશિક વધારો થાય છે, જેમ કે ચાર દિવસમાં કપાસીયા તેમજ પામોલીનમાં ડબ્બે રૂપીયા ૨૦ નો વધારો થયો છે. સીંગતેલએ ગુજરાતીઓનુ સ્થાનિક તેલ છે, જે દેશમાં સૌથી વધુ અહીં જ બને છે, છતાં તે સૌથી મોંઘુ થઈ રહ્યુ છે. સરકાર જાણે કે ગમે એટલા ભાવ લેવા હોય તેલીયા રાજાઓને પીળો પરવાનો આપી દીધો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

# વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ ના બીજા દિવસે ઉર્જા મંત્રી ઋષીકેશ પટેલની અધ્યક્ષતામાં બીટુજી બેઠક યોજાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના સર્વાંગી વિકાસ અને ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા લાવવાના મકકમ સંકલ્પ સાથે રાજકોટ ખાતે આયોજીત વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ ના બીજા દિવસે ઉચ્ચ સ્તરીય બીટુજી એટલે કે બિઝનેસ ટુ ગર્વમેન્ટ બેઠક યોજાઈ હતી. ઉર્જા મંત્રી ઋષીકેશ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં રીન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન અને ન્યુકિલયર પાવર જેવા ક્ષેત્રોના દિગ્ગજ ઉદ્યોગપતિઓ અને સ્ટાર્ટઅપ્સ સાથે રાજયના વિકાસના રોડ મેપ અંગે વિસ્તૃત પરામર્શ કરવામાં આવ્યો હતો. આ બેઠકની શરૂઆતમાં અદાણી ન્યુ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડના સીઈઓ મિલિંદ કુલકર્ણીએ પવન ઉર્જા ક્ષેત્રના ભવિષ્યના અંદાજો અને તેમાં રહેલી વ્યાપક સંભાવનાઓ રજુ કરી હતી. કે પી ગૃપના સીઈઓ ડો. આલોકદાસે અગાઉના વાઈબ્રન્ટ સમિટમાં થયેલા રોકાણોની પ્રગતિ અને આગામી સમયમાં રીન્યુએબલ સેકટરમાં નવી તકો વિશે મંત્રીને માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત સુઝલોન ગૃપના પ્રેસિડેન્ટ દિનેશ જગદાલે અને તેમની ટીમે પવન ઉર્જા પ્રોજેકટના આધુનિક સંચાલન અંગે વિગતો રજુ કરી હતી. જયારે યુપીસી રીન્યુએબલ્સ અને પાયોનીયર વીનકોન જેવી કંપનીઓએ નવા પ્રોજેકટ અને સંલગ્ન માટે ઉત્સાહ દર્શાવ્યો હતો. ઉર્જાના પરંપરાગત સ્ત્રોતોની સાથે ભાવી ઉર્જા સ્ત્રોતો પર પણ વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. નર્મદા ગ્રીન વેવ પ્રા.લી. દ્વારા ભાવનગર ખાતે ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનીયા પ્રોજેકટ સ્થાપવા અંગે નીતિ વિષયક ચર્ચા કરવામાં આવી હતી. આજ ક્ષેત્રમાં અધૈત્ય એનર્જી ટ્રાન્ઝિશન દ્વારા ઈલેકટ્રોલાઈઝર અને ફયુઅલ સેલ ડેવલપમેન્ટમાં રોકાણની યોજના રજુ કરાઈ હતી. વિશેષ નોંધનીય બાબત એ રહી કે ન્યુકિલયર ઉર્જા ક્ષેત્રે ઉર્જા દ્વારા સ્વદેશી થોરીયમ ફયુઅલ માઈક્રો રીએકટર પ્રોજેકટ અંગે રજુઆત કરવામાં આવી હતી. જે ભારતના ઉર્જા ભવિષ્ય માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. તમામ ઉદ્યોગ સાહસીકોના પ્રસ્તાવો અને રજુઆતો સાંભળ્યા બાદ મંત્રી ઋષીકેશ પટેલે કહ્યુ હતુ કે ઉદ્યોગોને જરૂરી તમામ વહિવટી અને નીતિ વિષયક સહયોગ સરકાર પુરો પાડશે. આ બેઠકમાં કાયદામંત્રી કૌશિક વેકરીયા, ધારાસભ્ય રમેશ ટીલાળા, ઉર્જા વિભાગના અગ્રસચિવ અશ્વિનીકુમાર, નાણાં સચિવ જેનુ દેવન અને ડાયરેકટર પ્રિતી શર્મા સહિતના વરીષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહીને ઉદ્યોગ જગતના પ્રશ્નો અને સુચનો પર વિચાર વિમર્શ કર્યો હતો.